सत्यं वद

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

धर्मं चर

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૯ સંવત ૨૦૭૩ ચૈત્ર, એપ્રિલ– ૨૦૧૭ અંક – ૪



સુરત મુકામે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી ની મૂર્તિના દર્શન કરતાં
પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષઃ ૩૯ / એપ્રિલ-૨૦૧૭/ અંક-૦૪

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ — કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | ગુરૂ કેવાં હોવા જોઈએ ? — રેખાબેન આર. મયાણી |
| ૧૨ | શુદ્ધ અશુદ્ધ આહારથી.. — પ.પૂ. સ્વામીશ્રી દેવાનંદ સાગરજી મહારાજ |
| ૧૩ | શુભ સંસ્કારોનો સંચય — ભુમિબેન અનિલભાઈ માંગુકીયા |
| ૧૪ | જીવન સંદેશો — વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા |
| ૧૫ | સુસ્વાગતમ્ — હસમુખ પટેલ |
| ૧૬ | કંકાસના ત્રણ કેન્દ્રો — શિવ |
| ૧૯ | સત્સંગ સમાચાર — સંકલિત |
| ૨૦ | બાળ સંસ્કાર શિબિર ફોર્મ — સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર — સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર — સંકલિત |


## श्री शङ्करदेशिकाष्टकस्तोत्रम्

भवता जनता सुहिता भविता निजबोधविचारणचारूमते ।
कलयेश्वरजीवविवेकविदम् भवङ्करदेशिक मे शरणम् ॥३॥

હે આત્મજ્ઞાન સંબંધી વિચાર કરવામાં સુંદર બુદ્ધિવાળા પ્રભો ! આપના સમાગમ દ્વારા જનસમુદાય નિરતિશય શ્રેય:સંપાદન કરવાવાળો થશે; અર્થાત્ આપનું ભજન-શૂશ્રૂષા કરવાથી તેમજ આપના વચનામૃતરૂપ સદુપદેશ ગ્રહણ કરવાથી મુમુક્ષુ પુરુષો આત્મજ્ઞાનનાં સાધનો સંપાદન કરી જરૂર બ્રહ્મવેત્તાજ્ઞાની થાય છે. હે સદ્ગુરો ! આપ મને જીવબ્રહ્મના વિવેકને જાણવાવાળો અર્થાત્ જીવબ્રહ્મની ઐક્યતાને સંપાદન કરનારી બુદ્ધિવાળો કરો. શંકરગુરો ! તમો મારું શરણ(આશ્રય) થાઓ.

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્તા :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



અહીં સુંદર ઝાડ છે સુંદર પાણી છે સુંદર સારી જગ્યા ખુલ્લી છે. હવા-પાણી સારું છે અને ઝાઝા માણસો અહીં બેસી શકે એમ છે ઝાઝા લોકો ઊભા રહી શકે એમ છે. પાણીની ભોજનની બધી વ્યવસ્થા અહીં થઈ શકે એમ છે એટલે તમે નગરમાં જાવ. જેને ભાવના હશે એ એટલે સુધી આવશે. ગરુડ ઊડી શકે તો કીડી ધીરી ધીરી પણ ચાલી શકે. આપણે એટલે અહીં આવ્યા છીએ તો એને પણ જેને જિજ્ઞાસા હોય એ પણ થોડા આગળ આવે, હવે આપણે સામેથી પડીને જશું તો એનો પ્રેમ નહિ દેખાય. એટલે પ્રેમની પરિક્ષા કરવા માટે જેને શ્રદ્ધા હોય એ આવે. જાવ નારદજી તમે બધાને જઈને કહો. નારદજી કહે. મહારાજ અહીં આવ્યા પધાર્યા તો થોડા તો આગળ ચાલો. ભગવાન કહે કે, અહીં ચાલવામાં આપણને વાંધો નથી. પણ પ્રેમ હશેને તો અહીં સુધી આવે તો સમજવું એને પ્રેમ છે. નકર પછી પરાણે દર્શન કરશે તો એનો લાભ એને નહિ મળે. એટલા માટે પ્રેમ હોવો જોઈએ. જો લગની હોય પ્રેમ હોય તો એને લાભ મળે. ભગવાનના કહેવાથી નારદજી નગરમાં ગયા. નગરમાં જઈને બધા લોકોને કહ્યું કે ભગવાન અહીંથી પાંચ કોષ દુર પધાર્યા છે. તમે બધા લોકો દર્શન કરવાની ભાવનાવાળા તૈયાર થઈ જાવ. તો બધા કહેવા લાગ્યા નારદજી ! બહું સારું કર્યુ તમે બહું સારું કામ કર્યુ. ભગવાનના દર્શન કરાવશો એ બહું અમારું કલ્યાણ થશે. પણ કહે છે 'તો....' એક વચમાં આડો આવે. શું આડો આવે ? બોલો ? આજ અમારે સગા આવ્યા છે, આજ અમારે આમ કામ છે, આજ અમારે ખેતીનો પાક લેવાનો છે. આજ અમારે થોડો વેપાર માલ ખરીદવાનો માલ વેચવાનો છે આ બધો 'તો' વચમાં આવીને... બધા કહે ભગવાનના દર્શન કરાવો એ સારૂં છે પણ અમારે અત્યારે આવી શકાય એવું નથી. તો ઘણાં લોકોને નારદજીએ સમજાવ્યા કે જગતના કામો તો વેલા મોડા થશે પણ ભગવાનના દર્શન પછી વાર વાર... પ્રભુ આવ્યા છે તો દર્શન કરી લ્યો. તમે કમાવ છો શું કામ ? વ્યાપાર કરો છો શું કામ ? જીવો છો શું કામ ? જેને માટે જીવો છો એ તમારે માટે અવસર આવી ગયો છે. અને એ લાભ લઈ લ્યો. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે કપાળ ધોવા જશો તો પછી લક્ષ્મી ચાલી જશે તો કપાળ ધોયેલું તમારું એમનામ પડયું રહેશે. એટલે આ કમાયેલું તમારું વહેવાર કરેલો પણ પડયો રહેશે જેને માટે વહેવાર કરો એ લક્ષ તમારું સામે આવીને ઊભું છે તો લાભ લ્યો. એમ નારદજીએ સમજાવ્યું તો ૧૦,૦૦૦ માંથી ૫૦૦૦ તૈયાર થયાને ૫૦૦૦ તો ઘર ભેગા એમનામ થઈ ગયા. હવે, નારદજી ૫૦૦૦ ને લઈને આગળ ચાલ્યા તો પેલે કોષે ગયા તો તાંબાના પૈસા દેખાણા, શું દેખાણું ? બોલો ? ... તાંબાના પૈસા દેખાણા એટલે લોકો પૈસા બાંધવામાં... નારદજી કહે કે આ શું કરવા લાગ્યા ? તો કહે કે ભગવાનની પ્રસાદી છે એટલે લઈએ. આ રસ્તે ચાલ્યાને એટલે ભગવાને પ્રસાદી... નારદજી કહેવા

લાગ્યા કે પ્રસાદી લેવા આવો છો કે ભગવાન લેવા આવો છો ? ઘણાં લોકો કથામાં શું કામ જાય ? બોલો ? કે પ્રસાદી મળશે. સત્યનારાયણની કથામાં જાય કે પ્રસાદી મળશે. સત્યને લેવા નથી જતાં પ્રસાદી લેવા... તો મૂળ વસ્તુ છોડી દે છે.

''आरामम्तस्य पश्यन्ति न् तं पश्यति कश्चन।''

જેમ ભગવાનનો બગીચો જોવે છે પણ ભગવાનને જોતા નથી. એમ ભગવાનનો પ્રસાદ લેવા તૈયાર થાય છે પણ ભગવાનને લેવા તૈયાર થતા નથી. એટલે તાંબાના પૈસાઓ હતા. એને બાંધવા લાગ્યા. મોટી મોટી ગાંસડીઓ બાંધી લીધી ગંજા ભરી લીધા જે કંઈ સાધન હતા એ બધુ ભરીને... તો નારદજી કહે કે લીંધુ તો ભલે લીધું પણ હવે આગળ ચાલો તો (લોકો કહે) મહારાજ, એટલો બધો ભાર લઈને આગળ જવાતું  હશે ? કોઈ ચોર આવે ને લઈ જાય તો ! તો નારદજી કહે કે, "કાલ કયાં તારા બાપના હતા." લઈ જશે તો પરમ દિવસે તારી પાસે આ કાંઈ હતા નહીં. અડધા કલાક પેલા પણ તારી પાસે આ કાંઈ હતું નહીં. વય નય જાય ઊટતું વધશે. ભગવાન તરફ ચાલ્યો તો આટલું મળ્યું. હજી વધારે ચાલશો તો હજી વધારે મળશે. પણ નારદજીનું કહ્યું એ કાંઈ માને એવા હતા નહિ. કહેવા લાગ્યા કે નારદજી, તમે ઊભા રહો અમે ઘરે મૂકીને આવીએ. હવે નારદજી વિચાર કરવા લાગ્યા કે આ લોકો કાંઈ પાછા આવશે નહિ. આપણે નકામો સમય... એટલે નારદજીએ કહ્યું સારું, તમે તમારે રસ્તે ને અમે અમારે... તો ૫૦૦૦ માંથી ૪૦૦૦ લોકો તાંબાના પૈસા બાંધી બાંધીને ઘર ભેગા થયા ને નારદજી થોડા આગળ ચાલવા લાગ્યા. ભગવાનનું નામ લેતાં લેતાં આગળ ચાલ્યા તો બીજે કોષે ત્યાં પહોંચ્યા તો ચાંદીના ચળકતા રૂપિયા દેખાવા લાગ્યા. પેલા તાંબાના હવે શું ? બોલો ? આખે આખા પૂરે પૂરા રૂપિયા દેખાવા લાગ્યા. ૧ રૂપિયા ના કેટલા થાય અત્યારે ? એટલે ચાંદીના રૂપિયા ચળકતા દેખાવા લાગ્યા. ચાંદી જોઈને બધા લોકો વિચાર કરવા લાગ્યા કે ભગવાને પ્રસાદ સારો આપ્યો મડો લેવા તો જે ૧૦૦૦ માણસ રહ્યું હતું ને એ પણ ચાંદીના રૂપિયા લેવામાં લાગી ગયું. નારદજીએ સમજાવ્યું કે જો. આ ભગવાનની માયા છે ભગવાન તમારી પરીક્ષા કરે છે આમાં રહી ગયા તો તમે ભગવાનના દર્શન કરવા ચૂકી જશો. તો પેલા કહેવા લાગ્યા કે મહારાજ ! પણ અમે તો સંસારી કહેવાઈ તમે સાધુ કહેવાવ ભગવાન ભગવાન કરો પણ અમારે તો બેય કરવું જોઈએ. ભગવાનય કરવું જોઈએ ને આ પણ... અમે ભગવાનને માટે આવ્યા ખરા પણ અમારે આ કામ હજી છે કન્યા પરણાવાની છે ને ધર્મશાળા બાંધવાની છે ને મંદિર કરવાનું છે ને આ દવાખાનું કરવાનું છે ને પછી આ વહેવાર કરવાનો છે. અમારે તો હજી બધુ કરવાનું છે. તો નારદજી કહે કે બધું કરવાનું સારું છે પણ તમારે શું કામ એ કરવાનું છે ભગવાનને માટે કરવાનું છે કે એમ નામ રખડી ખાવા માટે કરવાનું છે કે જન્મ-મરણના ચક્કરમાં પડવા કરવાનું છે ? તો જે ભગવાન મળતા હોય એ પેલા લઈ લ્યોને પછી જેટલો પરોપકાર કરવો હોય એટલો... તોય કહેવા લાગ્યા કે નય નારદજી ભગવાન કયાં વયા જાવાના છે. લક્ષ્મી તો કોઈ લઈ પણ જાય. ત્યારે નારદજી કહે લઈ જવાવાળી વસ્તુ લઈને તમે દુઃખી થવાના છો. જે ન લઈ જાય એવી (વસ્તુ) લો કે-

**ખરચે ન ખૂટે વાંકો ચોર ન લૂટે,**
**દિન દિન બઢત સવાયો, પાયોજી...**
(મીરાંબાઈ)

નારદજીએ એમ સમજાવ્યું છતાં સમજ્યા નહિ અને હજારમાંથી ૯૦૦ માણસ ચાંદીના રૂપિયા બાંધીને ઘર ભેગા થઈ ગયા. હવે કેવળ ૧૦૦ માણસ રહ્યા. નારદજી ૧૦૦ માણસને લઈને આગળ વધ્યા તો ત્રીજે કોષે ગયા તો સોનાની ગીનીઓ દેખાવા લાગી. શું દેખાવા લાગ્યું ? બોલો ? હવે, જે મોટા મોટા હતાને એના મન પણ ચંચળ થવા લાગ્યા.

**કનકને કામની ચોકી આડી ચામની,**
**બ્રહ્મની ભક્તિને એ જ લુંટે.**
(મૂલદાસ)

કોણ ? બોલો ? કનક અને કામની. બ્રહ્મની ભક્તિ પડી રહે છે કે બ્રહ્મ ભલે પડયા રહેતા અમને એનો લાભ લઈ લેવા દો. એટલા માટે **'કનકને કામની ચોકી આડી ચામની, બ્રહ્મની ભક્તિને એ જ લૂંટે'** બ્રહ્મ ભક્તિને બદલે બીજી ભક્તિ લોકો શું કામ કરવા લાગે ! એ માધ્યમથી કનકય મળે ને કાન્તાય મળે. જયારે બ્રહ્માનંદ લેવા માટે જીવો નથી

મહેનત કરતાં ને હાંડકા-ચામડાના મળ-મૂત્રના ભોગોને માટે ભટકે છે. સોનુ લઈને કોની શોભા કરશો ? બોલો ? ઘણી બહેનો કહેને કે શોભા થાય પણ કોની થાય ? .... તો હાડકા ચામડાની શું શોભા કરવાની ? ઉપર ચામડું ખસીને અંદરથી બહાર આવી જાયને તો ખબર પડે કે અંદર શું ભર્યુ છે. ભગવાન રામને વશિષ્ઠજીએ કહ્યું કે, તું આ કેમ રાજપાટ બધુ છોડીને વૈરાગ્યવાન થઈ ગયો ? ત્યારે (રામ) કહેવા લાગ્યા.

यदन्तरस्य देहस्य तदेव स्याद बहिर्यदि।

दण्डमुद्यम्य लोकोऽयं शुनःकाकाश्च वारयेत ॥

(યોગવશિષ્ટ મહારામાયણ)

તો રામે કહ્યું કે, હે ગુરુદેવ ! આ શરીરમાં જે ભર્યુ છે એ જો બહાર આવી જાયને તો કાગડા-કૂતરાને ખાવાનું છે અંદર મનુષને ખાય એવું પણ નથી એટલે દંડો લઈને આખો દિવસ ઊભું રહેવું પડે નકર કાગડા-કૂતરા હખ (શાંખી) ન લેવા દે. એવું અંદર ભરેલું છે.

**ઈદં શરીરં કૃમિજાલ સંકુલં ।**

**સ્વભાવ દુર્ગંધમ શૌચમ ધ્રુવં ।**

**રુજાયુતં મુત્ર પુરીષભાજનં ।**

**રમન્તિ મૂઢા ન રમન્તિ પંડિતાઃ ।**

(નીતિશાસ્ત્ર)

કે શરીરમાં તો મૂઢ જીવો મોહ કરે છે પંડિત લોકો શરીરના મોહમાં પડતા નથી. એટલે શરીરની શોભા ન કરવી. તમારા આત્માની શોભા થાય એવું કરો. તો ધન જે છે સોનું છે એ તો શરીરનું રક્ષણ કરવા માટે, શોભા કરવા માટે છે કે પૈસા વધારે હોય તો કપડા સારા પહેરાય સોનું હોય તો શરીર સોહામણું દેખાય પૈસા હોય તો બંગલા મોટર મળે પણ એ શરીરને માટે છે આત્મ કલ્યાણ કરવા માટે નથી પણ ન સમજવા વાળા જે લોકો હતા એ થોડા એમાંથી પણ સોનાની ગીનીઓ બાંધીને પાછા વય ગયા. ચોથે કોષે ગયા તો હિરા-મોતી દેખાવા લાગ્યા તો થોડા રહ્યા હતાને એ લોકો પણ ચળવળ ચળવળ થવા લાગ્યા. નારદજીને કહેવા લાગ્યા કે નારદજી, દયા કરોને બધા લઈ ગયા ત્યારે અમારો શું વાંક છે ? થોડી છૂટી આપોને, કહે છે, નારદજી કહે છે છુટ્ટી, તમને રસ શેમાં વધારે છે, તો કહે કે ભગવાનમાં રસ તો છે પણ અત્યારે તાત્કાલિક અમારે જરૂરત આની છે. એટલા માટે ભગવાન ભલે હમણે રહ્યા પણ અમને આ લઈ લેવા દ્યો. ઘણાં લોકોને સમજાવ્યા છતાં નારદજીએ કહ્યું-

आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा।

(માંડુક્યોપનિષદ્ કારિકા-૪-૩૧)

આ પેલા રસ્તે હતું નહિ અને પછી રહેવાનું નથી આ તો ભગવાને માયાનો ખેલ કર્યો છે.

**ગગને જામ્યા વાદળગોટા,**

**પાણીમાં પ્રગટ્યા પરપોટા;**

**ખેલ બધા એમ ખોટા, મમતા આણ્ય મા રે,**

**જૂઠે જૂઠું જીવન ખરું જાણ્ય મા રે...**

**જૂઠી જનની, જૂઠી જાયા, જૂઠી મોહભરેલી માયા;**

**કાચ કૂંપો છે કાયા, મમતા તાણ્ય મા રે, જૂઠે જૂઠું...**

**સદાય તે છત કોની છાજી ?**

**તે દેખી શું થઈએ રાજી ?**

**આતશબાજી આશા લાંબી આણ્ય મા રે, જૂઠે જૂઠું..**

(ઋષિરાજ)

જેમ સપનામાં ન હોય ને રાજ દેખાય ને સવારે જાગો એટલે રાજા રહેતા નથી. આ ધન નારદજી કહેવા લાગ્યા માયા છે. આ રસ્તે કોઈદિ આ હિરા-મોતી હતા નહિ અને માટીમાં હિરા-મોતી કયાંથી પડયા હોય. આ તો ભગવાને માયા કરી છે. તમે આમાં મોહ છોડી ભગવાનના દર્શન કરવા ચાલો અને નારદજી કહે લેવું હોય તો ભલે લ્યો પણ લઈને પણ આગળ ચાલો. તો ધ્યાનથી યાદ રાખો લઈને આગળ ચાલે તો એનું કલ્યાણ થાય. પણ લઈને શું કરે છે ? બોલો ? પાછા ચાલે છે. એટલે જે બે-પાંચ હતાને એય હિરા-મોતી લઈને પાછા વળવા લાગ્યા તો નારદજી બેને પકડીને આગળ ઉપાડયા. બે રહ્યા તો પાંચમે કોષે ગયા તો બે હતા એય એથી વધારે સારી કિંમતી વસ્તુ જોય રિધ્ધી સિધ્ધી જોઈ એમાં ફસાવા લાગ્યા તો નારદજીને થયું નારદજીએ વિચાર કર્યો કે બેયને લેવા જશું તો બેય જશે એના કરતા એકને પકડો તો નારદજી બે હાથે એકને પકડીને ભગવાન પાસે લઈ ગયા. પેલો માણસ ગભરાવા લાગ્યો. નારદજીએ કહ્યું તારે ગભરાવાની જરૂર નથી. તું તો ભાગ્યશાળી છો. નારદજી કહે મારે ગભરાવાનું છે મેં ભગવાનને કહ્યું હતું કે દસ હજાર લોકો દર્શન કરવા આવશે. એને બદલે એક તું પરાણે પરાણે... એ તારા પ્રેમથી તું જતો નથી. એ તારા પર

અનુગ્રહ થયો ત્યારે તું જઈ શકે છે.

તો ધ્યાનથી યાદ રાખો પરમાત્મા સૂક્ષ્મ છે એટલા માટે અજ્ઞાની જીવો મૂઢ જીવો એને જાણવા માટે મહેનત કરતાં નથી. અને મહેનત કરવાવાળા પણ જલ્દી એમાં સફળ થતા નથી. ઘણાં કહે કે ત્યારે શું આપણે સ્થૂળમાં પડયું રહેવું ? તો ધ્યાનથી યદા રાખો સ્થૂળમાં રહેશો તો સ્થૂળ જ ભોગ મળશે. સૂક્ષ્મ પૂર્ણતા નહિ મળે કઠિન હોયને એ જ કરવું જોઈએ કેમ કે તમે પરમાત્માના બાળક છો. ''अमृतस्य वै पुत्रा:।'' તમે શું છો ? બોલો ? જે લોકો પશુના હોય ઢોરના હોય એને જે કરવું હોય એ કરે પણ ભગવાનના હોય એણે શું કરવું જોઈએ ? બોલો ? તો ભગવાનનો લાભ લેવો જોઈએ. ભલે અઘરું હોય કઠિન હોય સૂક્ષ્મ હોય પણ લેવાનો અધિકાર છે.

''अधिकार खोकर बैठ रहना,
यह भी एक अधर्म है।''

ભગવાને આપણને યોગ્યતા આપી છે આપણને અધિકાર આપ્યો છે આપણને કહ્યું છે કે તમે નરમાંથી નારાયણ બની શકો એમ છો. મુક્ત થઈ શકો એમ છો એટલા માટે સાધનો કરીને અભ્યાસ કરીને જીવન બરોબર મુક્ત કરવું જોઈએ. કોઈક કરી શકે એનો મતલબ આપણે કોઈકમાં નહિ આવીએ એવું નહિ માની લેવાનું. ભગવાનની દયા હશે એટલે જ આપણે એ રસ્તે ચડેલા છીએ. તો આપણે મહેનત કરવી જોઈએ. વિઘ્નો હોય એનાથી ડરવું નહિ જે કંઈ વિઘ્નો આવે એને ધીરે ધીરે દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ એટલા માટે જો વિઘ્નમાં ફસાય ગયા તો પેલા લોકો જેમ પાછા વળી ગયા એમ આ જીવ પણ પાછા... એટલે જે જે આવરણો આવે એ આવરણને દૂર કરવા.

**માયા પડદો દૂર કરે તો,બ્રહ્મ જણાયે સ્પષ્ટ જો ને.**
(ભક્તરાજ લજ્જારામ)

તો અત્યારે બતાવ્યું કે-

''द्रश्यते त्वग्रयया बुद्धया सूक्ष्मया सूक्ष्मदर्शिभि:।''

તો જેમ સૂક્ષ્મ બુદ્ધિ કરો તો પરમાત્માની અનુભૂતિ થાય છે. હવે, કેમ કેમ સૂક્ષ્મ કરતી જવી એનું વર્ણન કરતાં કહે છે.

લયચિન્તન

''यच्छेद्वङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि।
ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छान्त आत्मनि॥ १३॥''
॥१-३-१३॥

તો સૂક્ષ્મ સૂક્ષ્મ કરતું જવું એટલે લય કરતો જવો વાણીનો મનમાં લય કરવો. વાણીનો શેમાં લય કરવો ? બોલો ? મનમાં, એટલે વાણીથી બોલવાને બદલે મનથી જ ચાલો ૐ ૐ સોહં કરવું. વાણી બહાર વય જાય. મનથી જે કરો એ વધારે સૂક્ષ્મ થતું જાય. અને મનને બુદ્ધિમાં લીન કરવું. મનને શું કરવું ? બોલો ? એટલે જે મનથી કરોને એના કરતાં બુદ્ધિથી વિચારીને સમજીને કરો. જે વગર સમજે કરે એ મનથી કર્યું કહેવાય. એટલે મન તો કરે છે પણ બુદ્ધિ હજી સમજતી નથી. ઘણાં કહેને કે અમે ભગવાન ભગવાન કરીએ છીએ. તો (કોઈ પૂછે) કહે કે ભગવાન મળ્યા ? તો કહે કે હજી મળ્યા નથી. તો ભગવાન પૂર્ણ છે કે અધૂરા ? પૂર્ણ. તો પૂર્ણ હોય એ મળેલા હોય હોય ને હોય. એમ જો બુદ્ધિ વાપરો થોડી તો તમને તરત સર્વત્ર પરમાત્મા પૂર્ણ દેખાય. મનને બુદ્ધિમાં લીન કરો અને બુદ્ધિ જે છે એને મહતત્ત્વમાં લીન કરો. મહતત્ત્વને શાંત આત્મામાં પરમાત્મામાં શુદ્ધ બ્રહ્મમાં લીન કરો કે નદીઓ જેમ સાગરમાં ભળી જાય. એમ બધું પરમાત્મા ભેગું ભેળવી દો જુદાપણું મટાડો. **'ભાવ મિટાવો દુજા'** કેમ કે જેમાંથી આવ્યું એમાં ભળતા વાર લાગતી નથી.

**''જ્યાંથી આવ્યો ને ત્યાં જવાનો,**
**મિથ્યા માયા ફંદ જોને,**
**નીર વહે છે નદીઓ કેરા,**
**સમુદ્ર મળવા આશ જોને,**
**મૂળ સ્વરૂપે થઈને રહેતા,**
**નામ રૂપનો નાશ જોને..''**
(ભક્તરાજ લજ્જારામ)(ન.ર.-૩૩૧)

નદીઓ સાગરમાં ભળી જાય પછી નર્મદા, તાપી, ગોદાવરી નામ રહેતા નથી. તો શું થઈ જાય ? બોલો ? સાગર સાગર થઈ જાય. એમ હું બ્રાહ્મણ છું ને હું સંન્યાસી છું ને ગ્રહસ્થ છું ને મહારાષ્ટ્રનો છું ને ગુજરાતનો છું ને હું ભારતનો એ બધા નામ, રૂપ, ગુણ બધા શું થઈ જાય ? બોલો ? લીન થઈ જાય એક જ રહે. તમે ગમે તે હિન્દુસ્તાનમાં હો સ્ત્રી હોય કે પુરુષ હોય કે **'ચિદાનંદ રૂપઃ શિવોહં શિવોહં'**

ક્રમશઃ

# ગુરૂ કેવા હોવા જોઈએ ? ભાગ - ૨

રેખાબેન આર. મયાણી
ભાવનગર

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજય સ્વામી શ્રી બ્રહ્માનંદસાગરજી મહારાજનાં ભાવનગર મૂકામે શ્રીમદ્ ભાગવત કથામાં રાત્રિના પ્રવચન દરમ્યાન કથા સત્સંગ સાર...

પ.પૂ. બ્રહ્માનંદસાગરજી મહારાજ શ્રી એ કહેલું ચિદાનંદસ્વામીજીએ જે સમજાવ્યું છે તેનું સુત્ર યંત્ર, મંત્ર અને તંત્ર.

**''જી રે વાહન જેવો આ દેહ છે,**
**એમાં અવર પુરૂષ આરૂઢ, ગુણાતીત ગુઢ**
**હેતે ગાયા હાલરડા''**

વિષય પકડો બરાબર. આ શરીર હંસ ક્ષેત્ર યંત્રની સારગ હોય અને એ યંત્રની સાધનામાં આસન સિધ્ધ કરવું પડે... સાધનામાં આસન સિધ્ધ કરવું પડે અને આસન સિધ્ધ કરવાની વિધી પણ ચિદાનંદ સ્વામીજીએ અંદર બતાવી છે. કોઈપણ મંત્ર, તંત્રની સાધનામાં આગળ વધતાં પહેલા યંત્રના રૂપમાં આ શરીરને આસન સિધ્ધ કરવા પડે છે અને એ આસન સિધ્ધ કરતી વખતે એમાં સવારે કેટલા વાગ્યે ઉઠવું એ ઉત્થાન વિધી આપી. એ ઉત્થાન વિધી પછી એમાં પાણી કેટલું પીવું, નાકથી પાણીના કોગળા કરવા અને નાકથી પાણી પીવાનું પણ જળનીતી કરવાનું પણ એમાં બતાવ્યું છે. એની અંદર આ યંત્ર એટલે શરીર. શરીરની સાધના પણ અંદર આપી છે અને આ સાધનાની અંદર શરીરને શું ખાવા આપવું અને શું ન આપવું. શું ખવડાવવું શું ન ખવડાવવુ એમ આ શરીર એ એક યંત્રછે. યંત્ર સાધના એ આખી એક વિદ્યા અને એ સિધ્ધ અવસ્થા અલગ છે. તમે શરીરને સિધ્ધ કરવામાં શરીરની સાધના કરો. ત્યાર પછીથી એક બાજુ શરીર આવે છે સુક્ષ્મ શરીર. આ સુક્ષ્મ શરીર જે છે તેની અંતર્ગત મંત્રશક્તિ આવે છે અને આ મંત્ર શક્તિ ગુરૂ કૃપા દ્વારા પ્રાપ્ત થાય છે. અને કોઈ એમ કહે કે ભાઈ અમારે ગુરૂ વગર જ્ઞાન લઈ લેવું છે તો આ સુક્ષ્મ શરીરની અંદર જે તમારે ને મારે મંત્ર શક્તિ મેળવવાની છે. એ ગુરૂ કૃપા વગર મળી શકતી નથી. એટલે આ ગુરૂની મોનોપોલી છે.

**''ગુરૂ બિન જ્ઞાન ન ઉપજે, ગુરૂ બિન મિટે ન**
**ભેદગુરૂ બિન સંશય ના મિટે,**
**ભલે વાંચ્યો ચારો વેદ''**

ચિદાનંદ સ્વામીજીએ આપણને શરીરની સાધનામાં યંત્ર સાધના બતાવી છે ઉત્થાન વિધી હાથ કેટલી વખત ધોવા શૌચ વિધી પછી તો સાત વખત હાથ ધોવા માટી વડે એવું લખ્યુ છે. ત્રણ કોગળા કરવા અને પછી સ્વામીજીને (ગુરૂજીને) ત્રણ દંડવત કરવા (૧) નૌમી શ્રી માધવાનંદ (૨) લસદ્દયાતરંગકં ક્ષમારવિંદ (૩) વિવેકરત્નભારીણં... યદર્થમેવ ભાવિતં... આ શ્લોક સાથે દંડવત્ કરવા.

આ જે સવારે ઉઠીને તમને જે એક દંડવત્ કરવાનો કીધો છે, જેનાથી તમારા પાંસળામાં જે કાંઈ મળ થયો હોય ને, બધો પસીનો... વગેરે આ એક દંડવત્ કરોને તો તમારું યંત્ર વ્યવસ્થિત થઈ જાય અને એ યંત્ર વ્યવસ્થિત થાય ને પછી જ અંદરનું તંત્ર ગોઠવાય. એ તંત્ર ગોઠવાયા વગર મંત્રની સિધ્ધી મળતી નથી આ નિયમ છે. મંત્ર, યંત્ર, તંત્ર. તો અહીંયા ગુરૂની મોનોપોલી સુક્ષ્મ શરીરની સાધના અને સુક્ષ્મ શરીરની સાધનામાં જ ગુરૂની જરૂર પડે તમને કોઈ એમ કહે કે અમે ગુરૂ વગર કરી લઈએ તો ? કરો. નહી થાય. કેમકે ત્યાં સુક્ષ્મ શરીર છે. તમારી પાસે ત્રણ શરીર છે. સ્થુળ, સુક્ષ્મ અને કારણ. તો સ્થૂળ શરીરથી તમે બધું કરી શકશો. પૈસા કમાય શકશો, ધમાય શકશો કે બધાની વચ્ચે સમાય શકશો, પણ તમારા જીવનમાં બીજા બધાને ગમી જાય તેવું કરી શકશો નહી. બીજાને તમે ગમો અને પછી બીજાને તમારી આમ હાજરી ગમે અને તમે પણ લોકેષ્ણા મેળવવા માગો છો. સમાજમાં લોકો અમારી પ્રતિષ્ઠાને માન મોભો આપે, અમને લોકો બોલાવે. અને એ બોલાવે ને ત્યારે સમજવું કે હવે અમારી સુક્ષ્મ શરીરની સાધનામાં કંઈક ફેરફાર થયો છે. એટલે અહીં મૂળ સૂત્ર છે મંત્ર એ પહેલા સમજો, મંત્ર કોને કહેવાય ? તો મંત્ર એટલે જે મંત્રણા દ્વારા હવે મંત્રણા એટલે પાંચ-છ કે એથી વધારે લોકો ભેગા બેસીને મંત્રણા કરે, કોઈ એક સમસ્યા ઉપર કહે, આ એક સમસ્યા છે આ સમસ્યાનું સમાધાન કયા સુત્ર દ્વારા થઈ શકશે અને એ સુત્રનું ચિંતન કરવામાં આવે એનું મંથન કરવામાં આવે બધા ભેગા ભેગા મંત્રાલયમાં મંત્રણા કરે અને એમાંથી  જે નિર્ણય લેવામાં આવે

એનું નામ છે મંત્ર અને આ મંત્ર એ ગોપનીય હોય છે અત્યંત જે એકદમ અંદર અને એ એનું કેન્દ્રનું કારણ હોય, આમ એટલા માટે યંત્ર સિધ્ધ કરો. યંત્રના આસનને સિધ્ધ કરો.પછી મંત્રને સિધ્ધ કરવાનો આવે. મંત્ર દ્વારા જ્યારે તમને શક્તિ

પ્રાપ્ત થઈ જાય ત્યારે તંત્રનો વારો આવે. તંત્ર ગોઠવવાનું હોય. અત્યારે આપણું તંત્ર કેવું ગોઠવાયેલું છે ? તો તંત્રને આપણે સમજવાનું છે. ચિદાનંદજીએ ગુરૂગીતાની અંદર જે આપણું તંત્ર ગોઠવ્યું છે પરંપરાગત આપણો જે કોઈ પણ શિષ્ય હોય અર્થાત્ આપણી પરંપરાનો કોઈ પણ એક સેવક સાધક જે તંત્ર દ્વારા, અહીંયા યંત્ર દ્વારા અને મંત્ર દ્વારા જે તંત્રની અંદર ગોઠવાયેલો છે એ તંત્રથી જ આપણો પરીચય બહાર આવે છે. આપણી પરંપરામાં આપણું તંત્ર કેવું ગોઠવાયેલું છે. તો આપણી જે પરંપરા છે તે ત્યાગની છે.

**''ત્યાગે એને બધું જ આગે**
**ન કુછ લેન, ન કુછ દેના, અને મસ્તી મે રહના''**

આપણું તંત્ર કોના પર ટકી રહ્યું છે ? ત્યાગ. આપણી પરંપરા કોના પર ટકી રહી છે ? ત્યાગ. જેમ માધવ ચરિત્રમાં જોયું કે શ્રી માધવાનંદ સ્વામીજીએ શાસ્ત્રીજીને કહ્યું કે આ શાલની આપણે અત્યારે જરૂર નથી તેને ટોડલે મુકી દો. જેને જરૂર હશે તે લઈ જશે. એમ શાલનો અપરિગ્રહ કર્યો. સમજવાનું છે કે જરૂર વગરનું સંગ્રહવું નહી. અને એ રીતે શ્રી માધવાનંદ સ્વામીજીએ શાસ્ત્રીજીને ગ્રહણ કરવાની એ વૃત્તિ ઉપર શિક્ષા કરી. આ શાસ્ત્રીજી નડીયાદના એક પ્રસિધ્ધ વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણ હતા અને કર્મકાંડની અંદર તમને કહી દઉં.

**''ન કર્મણા ન પ્રજ્યા ધનેન**
**ત્યાગૈનૈકે અમૃતત્ત્વમાનશુઃ ।।**

વેદ ઉપનિષદ એમ કહે છે કે કર્મથી કોઈને મુક્તિ મળી નથી એટલા માટે ભાગવત ની અંદર આકુતી દ્વારા રુચી પ્રજાપતિને ત્યાં યજ્ઞ - નારાયણનો જન્મ થયો. એની સાથે જે દક્ષિણી આવી એ કર્મનો અવતાર છે અને કૂર્મથી જયારે દક્ષિણી ગતિનો પ્રાપ્ત થયેલો પુનરાવર્તતે જન્મે ને મરે એટલે કોઈ દી' એની મુક્તિ થતી નથી. તેના ભાગવતમાં પ્રમાણ છે. કે યજ્ઞ નારાયણ દ્વારા આ પ્રજા જે ઉત્પન્ન થઈ છે એનાથી આ પૃથ્વી ભરાઈ ગઈ. કારણ કે આપણે બધા કર્મપ્રધાન છીએ અને કર્મથી ભેગા થયા છીએ ઋણાનુબંધનથી ભેગા થયા છીએ. લેણ દેણના સંબંધ પુરા થાય એટલે સૌ સૌના માર્ગે સૌ રવાના થઈ જાય એટલે કર્મથી કોઈને મુક્તિ મળી નથી અને મળશે નહી અને મળવાની પણ નથી. ચિદાનંદ

સ્વામીજીએ આપણને બધાને જ્ઞાન માર્ગ ઉપર ભાર દેવડાવ્યો અને ગુરૂના શરણે રહી જ્ઞાનની ઉપર ભાર દઈને કહેવામાં આવ્યું છે કે કર્મની ક્રિયામાંથી **તેન ત્યકતેન** ત્યાગ કરો. આપણી પરંપરા ત્યાગની છે. એટલા માટે **''દેહની મમતા દૂર કરીને આતમને ઓળખતો જા''** આ સૂત્ર આપણને જે અખંડાનંદ સ્વામીજીએ ગામઠી ભાષામાં આપણને જ ગોખીને તૈયાર થઈ જઈએ. સમજી શકીએ એવું જે એમણે આપણને જ્ઞાન આપ્યું છે કે ''બાલાનાં સુખબોધાય'' કે મંદબુધ્ધિના બાળકને પણ ગળે ઉતરી જાય.

હવે તમે જુઓ અહીંયા તંત્ર નો અર્થ એટલે વ્યવસ્થા. આ વ્યવસ્થામાં કોઈ ફેરફાર કરવો નહીં અને ફેરફાર કરવો હોય તો જેણે તંત્ર ગોઠવ્યું છે તેને જાણ કરવી. તો આ અહી આ તંત્ર વ્યવસ્થામાં ચિદાનંદ સ્વામીજીએ માધવાનંદ સ્વામીજીના આ ત્યાગ (અપરિગ્રહ) ના સૂત્ર ઉપર આપણને આપી છે. અને એટલા માટે ત્યાગ પરંપરામાં એમણે શાસ્ત્રી સ્વામીજીને જે શિક્ષા કરી, કર્મને પ્રધાનતા આપવાવાળા સ્વામીજી નડીયાદની અંદર ગયેલા. નડીયાદમાં બધા સેવકોની વચ્ચે જયારે એમણે આ જ્ઞાનની પરંપરાનું આવું સુંદર જ્ઞાન આપ્યું ત્યારે કર્મ એ તંત્ર ઉપર ગોઠવાયેલું છે. પણ નિષ્કામ કર્મ તંત્ર. તંત્ર બે પ્રકારના હોય છે. સકામ અને નિષ્કામ. તો તમે જુઓ કે ભાગવતમાં આપણે કથા જોઈ એ મનુ ભગવાને એ વખતે રુચી પ્રજાપતિની સામે સકામતા રાખી કે હું તમને દીકરી આપું પણ એનું સંતાન મને એક પાછું આપવાનું. એટલે એને શું કહેવાય ? કહો સકામ તંત્ર તો કર્મકાંડ એ તંત્ર વ્યવસ્થા છે. એટલે તેમને કોઈ પણ યજ્ઞ, હવન, ધૂપ, કે બીજુ કાંઈ પણ વિધી વિધાન કરાવે તો એ બધી વિધી વિધાન અહીંયા તંત્રમાં આવે છે.

તંત્ર એટલે વ્યવસ્થા. મંત્ર એટલે શક્તિ અને યંત્ર એટલે શરીર. આ ત્રણ વિભાગ છે.

અહી યંત્ર એટલે શરીર યંત્ર એટલે વાહન તો શરીર એ વાહન થયું. મંત્ર એટલે શક્તિ અને તંત્ર એટલે

વ્યવસ્થા એટલે કે આયોજન. ત્રણ વિભાગ પાડીને તમે જૂઓ તો તંત્રની અંદર શાંતી મળવી જોઈએ. એટલે સુક્ષ્મ શરીર પછી કારણ શરીર આવે. ત્યાં અહંકાર છે. ગાઢ નિંદ્રામાં તમને પરમ શાંતી મળે અત્યારે તમે બધા બેઠા છો હમણાં જો થોડાક સારા હાલરડા ગાવામાં આવે તો કહે બાપુ ભારે ઉંઘ આવે છે. તો ઉંઘ કોને આવે ? કહો. પરમ શાંતી મળે તેને પણ આ શાંતીમા ક્રાંતિ નહી થાય. ક્રાંતિ કરવી હોય તો ભ્રાંતિમાંથી બહાર નીકળ્યા પછી જ તમને શાંતી મળશે. એ શાંતી એવી હશે જયાં જાવ ત્યાં બધે જ તમને શાંતી, શાંતી ને શાંતી. જયાં તમે ઉભા રહોને ત્યાં શાંતી. તમે જો જો આપણા અખંડાનંદ સ્વામીજીએ જે બધી સિધ્ધિઓ મેળવી, એ સિધ્ધ પુરુષ હતા. એ આવેને ત્યાં એના શરીર પર થઈને આવતી હવા અડેને ત્યાં આપણી મુંઝવણ દૂર થઈ જાય અને એ સિધ્ધ પુરુષની આ અવસ્થા એના શરીર ઉપરનો વાયરો આપણને અડે ત્યાં આપણી બધી કઠણાઈ તણાઈને જતી રહે. પછી મોજ મોજને મોજ એટલે સ્વામીજીની આવી એક અવસ્થા આવા સિધ્ધ પુરુષ આપણને મળ્યા પણ આપણે એને ઓળખી ન શકયા અને કદાચ ઓળખી શકયા તો એમના જીવનમાંથી જે મેળવવાનું હતુ તે મેળવી ન શકયા અને કદાચ મેળવી પણ લીધું છે તો તમને અને મને વાપરતાય આવડતું નથી. તેને ભોગવતા આવડતું નથી કઠણાઈ અહીં સુધી આપણને ભરડો લઈ બેઠી છે. પણ હવે બરડો ઉઘાડો કરવો પડશે. આમાં શરમ હાલશે નહી. એક વખત ગાંઠ વાળવી પડશે કે

**''મેરૂ તો ડગે પણ જેના**
**મનડા ડગે નહિં પાનબાઈ**
**ભલેને ભાંગી પડે બ્રહ્માંડ રે,**
**વિપત્ત પડે પણ, વણસે નહિ ને રે**
**સોઈ હરીજનના પ્રમાણ રે.**

ગુરૂએ આપેલું મેલે નહી. દુનિયાને ભલેને ગમે તેમ ઢોલ વગાડવા હોય એમ વગાડે પણ એક વખત તમે ગુરૂના શરણે બેસી જાવ.

**''હંસા વાણી જેની છે અમૃત જેવી,**
**પીતા આવે અમીના ઓડકાર**
**દુર્લભ એવા સંત છે.''**

સ્વામીજીના જીવનની વાણી તમે જૂઓ કેવી અદ્‌ભુત હતી આપણને બધાયને એ વાણી સાંભળતા સાંભળતાં અંદર અમીના ઓડકાર આવે આમ તૃપ્તિનો અહેસાસ થતો હતો. પણ એનું વર્ણન કરવા જઈએ તો

**વાણી શકે નહિં વર્ણવી, મારા સદ્‌ગુરૂ કેરું સ્વરૂપ,**
**મન બુધ્ધિ પહોંચે નહિ, ઉપમા રહિત અનુપ''**

એની ઉપમા ન આપી શકાય. વાણથી કંઈક કહેવું છે, શબ્દથી કંઈક વ્યક્ત કરવું છે પણ બોલવા માટે શબ્દ મળતો નથી. મળે છે તો એ શબ્દ મળે છે પણ આને અંદર પરે નહિં તો શું કરવું. એનો અર્થ કેમ આપણે બીજાના હૃદય સુધી પહોંચાડવો. કહેવા માંગીએ છીએ, શબ્દમાં આવતું નથી અને જે આવે છે આપણે મનમાં અનુભવીએ છીએ,જે કહેવા માંગીએ છીએ પણ કહી શકતા નથી ગુરૂજીના સાનિધ્યમાં મળેલો એ અલૌકીક આનંદ એ ભાવ હૃદયમાં લાવીને આમ બોલવા જઈએ છીએ તો એ કહી શકાતો નથી એનુ વર્ણન થઈ શકતું નથી. અદ્‌ભુત અલૌકીક દિવ્ય આનંદ છે અને એટલા માટે તમને અને મને એ આનંદ આપી વ્યાસપીઠ ઉપરથી આવા કળીકાળ કળીયુગની અંદર ઘોષણા કરીને કહી દે માંગો તમારે જે માંગવું હોય એ આ સિધ્ધ પુરુષ સિવાય આ વાક્યની ઘોષણા કોઈ ન કરી શકે એવી આપણી સામે ઘોષણા કરી છે પણ અભાગીયા કપાળ આપણે માંગી ન શક્યા. ઘોષણા કરનારે ઘોસણા તો કરી માંગો, માંગો પણ આમાથી એકેય જાગે ત્યારે ને !! હવે તો જાગો !!! આપણે ખરેખર જાગવાની જરૂર છે. સ્વામીજીએ તમને અને મને ખરેખર જીવનમાં આપવામાં કાંઈ બાકી નથી રાખ્યું. એક તીથીનો દાખલો સુઘડની અંદર સ્વામીજીના જીવન ચરિત્રની ઝલક રજુ કરી છે તેની અંતર્ગત એક તીથી ઉજવાયેલી છે એમાં માધવાનંદ સ્વામીજીની તીથીમાં આ ઘોષણા કરી છે અને આ ઘોષણા એવી હતી કે સ્વામીજીએ કહ્યું કે મુક્ત પુરૂષો ઉભા થઈને આવતા રહો. મારી મંડળમાં આવતા રહો અને એ વખતે મુક્ત થયેલા લોકો ઉભા થયા. એક ઉભો થયો પછી બીજો ઉભો થયો પછી દેખાદેખીથી થોડાક ઉભા થયા પણ અંતરના ઉમળકાથી એક પણ વ્યક્તિ સ્વામીજીના આદેશથી ઉઠયા ન હતા. સ્વામીજીએ કહ્યું આવો મારે મુક્ત મંડળ બનાવવાનું છે. અને આ મુક્ત મંડળની ઘોષણા કરીને સ્વામીજીએ વિચાર કર્યો કે આમાંથી મેં આપેલું અને મારે આવા જ્ઞાનના ટકોર જેવા ચકોર

કેટલા છે મારી પાસે, અને એ ચકોરની ટકોર કરી, એણે તપાસીને અંદરથી ચોખા દબાવ્યા પણ આમા મગના કાંગરુ જ બધા વધારે હતા. જે ગાંગડા આપણી સામે જ બધે ભટકાય છે શું કહેવું આ બધાયને !! જીવનમાં સુખી થવું હોય તો હવે આ ગુરૂજીના એક એક સૂત્રને યાદ કરો. ગુરૂગીતાને વાંચો. મંત્ર શક્તિ કેમ મેળવવી, રૂદ્રાક્ષ દ્વારા તમે ને હું આ શક્તિ કેમ મેળવી શકીએ છીએ અને એ મંત્ર શક્તિ ગુરૂ પાસેથી કયારે આપણને મળી શકે. ગુરૂ કયારે આપણને મંત્ર દીક્ષા આપે અને એ મંત્ર દીક્ષા લેવા માટેની તમામ વિધી એની અંદર આપેલી છે. તમે વાંચજો. અને સાધક તરીકે તમે તૈયાર થાવ અને એક વાત યાદ રાખજો સ્વામીજીએ આપણને ઈશારો કર્યો છે.

**''અનુભવીને એકલા આનંદમાં રહેવું રે,**
**ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે''**

તમે આવું જાણી જાવ અને અંદર મેળવી જાવ અને જો તમને મળી જાયને , આવું કાંઈક થાય તો અનુભવીને એકલા મોજમાં રહેવું.

**''અધિકારીને જ્ઞાન આવે, આતમ લક્ષ અભંગ,**
**કહે અખો મુમુક્ષુ જનને, સદાય ફળે સત્સંગ"**

નહિતર આ દુનિયાની અંદર કેટલાય એવા છે

**''દાદુર વસ્તો વારી મધ્યે, ને પેડ કમલની પાસ,**
**કિલ્લોલ કરે કિચમા રે, એને ન આવે કમળની વાસ**
**સંગત તેને શુ કરે...''**
**ભાઈ શઠ ન સમજે કાંઈ શાન સંગત તેને શું કરે**
**રાણીની સંગે સદાય રહેતી ને દાસી પૂરણ પ્રિત**
**તોય સમજી નહિ સાહેલડી રે,**
**એમાં ન આવે રાજકુળની રીત સંગત તેને શું કરે.**
**શ્રીમતની સંગે સદાય રહેતો,**
**અને રળતો અહર્નિશ ભેળો રાંક**
**તોય અપરાધી અમથો રહ્યો રે,**
**એમાં શ્રીમંતનો શું વાંક.. સંગત તેને શું કરે...**

એમ આમા સ્વામીજીનો શું વાંક ? કહો જોઈએ. વિચાર કરો એક વેપારી શેઠ બધો હિસાબ, ચોપડો જાણતો હોય ને મુનિમને કહે મુનિમ આ કપાસની ગાડીનું શું કરવું છે ? તો મુનિમ કહે લઈ લો વાંધો નહિ. મુનિમને ખબર હોય કે અંદર કેટલું બેલેન્સ છે આટલુ બધુ જાણતો હોય તોય મુનિમ વૈતરું જ કરે. નોકરનો નોકર જ. કોઈ દિ' શેઠ થયો જ નહિ. એમ સ્વામીજીએ તમને અને મને આમ, મડદા બેઠા કરે એવાં શબ્દોથી જગ જોડીને કીધું

**''દિનતા ને હિનતા દૂર હટાવો,''**

એટલું જ નહિં આપણને બધાયને આમ લલકારીને કીધું

**''થાઓ બાળક સાચા, થાઓ બાળક સાચા,**
**પિતાના ગુણને અંતરમાં પ્રગટાવો,**
**છો અમૃતના બાળ, છો અમૃતના બાળ**
**પિતા સમાન અમર બની જાઓ,**
**પિતા છે અખંડ અવિનાશી,**
**એ તો છે સાચા હિતકારી**
**તુ શાને થાય પર ધુતકારી, થાઓ બાળક સાચા**
**પિતાના ગુણને અંતરમાં પ્રગટાવો...**

આટલી બધી આપણને જેમણે જગજોડીને જગાડવાની મહેનત કરી છે અને તો ય અપરાધી અમથો રહ્યો એમાં શ્રીમંતનો શો વાંક એટલા માટે જયારે આપણે બધાય એમ કહીએ કે બાપજી બે વર્ષ રહ્યા હોત તો સારું હતુ, તો હવે કયાં સુધી આપણે એને, આપણને એવો વિચાર કેમ નથી આવતો બાપજી હવે અમે તૈયાર થઈ ગયા છીએ. હવે અમે તમારી ક્યાંય નામોશી આવવા દેશું નહી. પણ ખબર નહી કયા માર્ગે દોડા દોડ કરે છે આપણા બધાના મગજ, મગજની અંદર શું ભર્યુ છે ? એટલા માટે

**'' જાગો હવે ઉધ્ધાર પોતાનો પોતે કરો રે**
**આળસને કાયરતા દૂર કરો રે...''**

આ બધું છોડીને આપણે એ સત્યનો માર્ગ પકડવાનો છે.

**''સત્યનો માર્ગ તમે કદી નવ છોડજો,**
**ધર્મ ધ્વજાની તમે ધીરજ ધરજો.**
**અંતરના આત્માથી કર્મ કરજો,**
**જેને જે કહેવું હોય તે કહેવા દેજો.**
**આનંદમાં રહેજો તમે મોજમાં રહેજો...''**

જો હવે અહીંયા મંત્ર, તંત્રને યંત્ર આ ત્રણ વસ્તુને ખાસ સમજવા માટે ગુરૂગીતા વાંચો. આગળ વધવું હોય તો, ક્રાંતિમાં આપણી ભ્રાંતી દૂર થશે. અને આ ભ્રાંતી દૂર કરવા માટે બીજી કોઈ વસ્તુ પકડવાની જરૂર નથી. ગુરૂગીતા જ પકડવાની છે અને ગુરૂગીતા ઉપર આપણે બધા આગળ વધીએ, નિશ્ચિત જીવનની અંદર વાસ્તવિકતાના આપણે દર્શન કરી શકીએ એવું ઈચ્છું છું તો સદ્‌ગુરૂના ચરણમાં આપણે પ્રાર્થના કરીએ.

**''સર્વેત્ર સુખીના સન્તુ સર્વે સન્તુ નિરામયા**
**સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચિદ દુઃખ ભાગભવેત**

# શુદ્ધ-અશુદ્ધ આહારથી થતી મનની પરિસ્થીતી

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

અષ્ટ પુરી નગરીનો રાજા ધર્મપાલ નામે રાજ કરે છે.તે એક દિવસ શિકાર ખેલવા જંગલમાં ગયો. ત્યાં તેને બહુ તૃષા લાગી તેથી પાણીની ખોળ કરી પણ પાણી કયાંય મળ્યું નહિ. તેથી વ્યાકુળ થઈ આમ તેમ ફરે છે. તેવામાં એક મહાત્માનો આશ્રમ જોયો ત્યાં એક મહાત્મા સમાધિમાં બેઠેલા તેણે જોયા નજીકમાં કમંડળ ભરેલું હતુ તે જલ પી ગયો. પછી વિચાર કરવા લાગ્યો કે મહાત્માનું ખાલી કમંડળ મુકાય નહિ. આટલામાં પાણી જરૂર હશે એમ ધારી તપાસ કરતાં એક વાવ જોઈ તેમાંથી રાજા કમંડળ ભરી મહાત્માની પાસે મુકી ઘેર જતો રહ્યો. મહાત્માના જલમાં ભજનના પરમાણું હોવાથી રાજાના હૃદયમાં વૈરાગ્ય થયો જેથી રાજપાટ છોડી મહાત્માના ચરણમાં આવ્યો. અહીં મહાત્મા સમાધિમાંથી જાગૃત થયા પછી જલથી આચમન કરી પાણી પીધું જલની અંદર રાજાના રજોગુણી પરમાણું હોવાથી મહાત્માના હૃદયમાં વિક્ષેપ થયો મન ચંચળ થયું સંસાર પ્રત્યે રાગ ઉત્પન્ન થવા લાગ્યો. પણ મહાત્મા જ્ઞાની હોવાથી પોતાના મનની સ્થિતિ જાણી ગયા. મનમાં વિક્ષેપ શા કારણથી થયો તે મહાત્માએ ધ્યાન દ્વારા જોયું. તો રાજાના હાથથી ભરેલું જલ પીધું છે તે દેખાયું, જેથી મહાત્માએ નેતિ ધોતિ કરી જલ પેટની બહાર કાઢી નાખ્યું અને શુદ્ધ ચિત્ત થયા થોડીવારે રાજાએ આવી મહાત્માના ચરણમાં નમસ્કાર કર્યા.

મહાત્મા - હે જીજ્ઞાસુ આપ કોણ છો અને મોડી રાત્રે આવા ઘોર જંગલમાં આવવાનું કારણ શું ?

રાજા - હે મહાત્મન, હું અષ્ટપુરીનો રાજા છું સંસારના અનેક પ્રકારના તાપથી તપાયમાન થયો છું જેથી પરમ શાન્તિ મેળવવા આપના ચરણમાં આવ્યો છું.

મહાત્મા - હે રાજન આપને સર્વ વૈભવપૂર્ણ રાજયની અંદર વૈરાગ્ય થવાનું કારણ શું છે તે મને જણાવો.

રાજા - સત્ય હકીકત આપીને કહું છું તે સાંભળો અત્યાર સુધી હું મહાન વિષય લંપટ અને સંસારાસક્ત હતો પણ આજે સવારે આ જંગલમાં આવ્યો હતો ત્યારે આપ ધ્યાનસ્થ હતા તૃષાથી વ્યાકુળ થયેલો હોવાથી આપના કમંડળનું જળ પીધું પછી કમંડલ જલ ભરી આપની પાસે મુકી ઘેર ગયો ત્યારથી મારા મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો છે મને રાજમહેલ સ્મશાન વત્ ભાસે છે રાજપાટ બધું દુઃખરૂપ લાગે છે માટે હવે મને આપનો દાસ બનાવી આપની ચરણ સેવામાં રાખો એવી મારી નમ્ર વિનંતીછે.

મહાત્મા - હે રાજન આ તમારો ક્ષણિક વૈરાગ્ય છે, તે કેવળ મારા કમંડલનું જળ પીવાથી થયો છે તે પાણીનો પ્રભાવ રુધા સુધી શરીરમાં રહેશે. ત્યાં સુધી વૈરાગ્ય પણ રહેશે, માટે તમો ઘેર જઈ રાજકાજ કરતા પરમાત્માનું ભજન સત્સંગ કરો.

રાજા - હે મહારાજ જલના સ્પર્શ માત્રથી આટલું બધું ઉત્તમ અથવા અધમ થઈ જાય છે ત્યારે અત્યારે જગતમાં કોઈ સ્પર્શા સ્પર્શ દોષને માનતું નથી બધા હોટલોમાં એક બીજાનું એઠું જુઠું ખાય છે તો તેમનું શું?

મહાત્મા - હોટલોમાં એક બીજાનું એંઠુ જુઠુ ખાવાથી અને સ્પર્શા સ્પર્શ દોષ નહિ માનવાથી ધર્મનું નામ નિશાન રહ્યું નથી જેથી કરીને ભારત વર્ષની દિન પ્રતિદિન દુર્દશા થતી જાય છે. હોટલ એતો કળીયુગને રહેવાનું સાક્ષાત ઘર છે.

રાજા - મહારાજ હોટલ તે કળીયુગનું ઘર કેવી રીતે ?

મહાત્મા - કળીયુગે હોટલમાં વાસ કરીને બધાને ધર્મભ્રષ્ટ કર્યા છે હવે કળીયુગનો સાચો સહાયક કોણ છે તે સાંભળો.

(શેર)

**ચા બીડીને ચુંગલી બુદ્ધિને હરનાર**
**પુત્રી છે કળીયુગની અવગુણનો ભંડાર**
**ચા અંદર સદગુણ નહી, છે દુર્ગુણની ખાણ, –**
**– મઠ મંદિર ઘર ઘર વિષે ચાની છે મોંકાણ**
**ચાની પાછળ સૌ પડયા બ્રાહ્મણ ભંગી ચમાર**
**ચા વિના ચાલે નહિ – હોય ભલે ગમાર**
**પાણીનો છાંટોજો પડે – વૈષ્ણવ જન અભડાય**
**ચાનો પ્યાલો જો મળે – જટ પટ તે પી જાય**

હે રાજન કલીયુગના આ પરિવારે જગતને વ્યસની વિષય લંપટ અને મંદ બુદ્ધિ બનાવી દીધા છે માટે તમો

પોતાનું કલ્યાણ ચાહતા હો તો ખોટા વ્યસનો વિષ સમાન જાણીને ત્યાગ કરશો અને સદા સાત્વિક આહાર વિહાર ધારણ કરશો કારણ કે જેવું અન્ન તેવું મન, જેવું પાણી તેવી વાણી, માટે તમો ગૃહસ્થાશ્રમમાં રહી શાસ્ત્રના નિયમ પ્રમાણે વર્ણાશ્રમ ધર્મનું પાલન કરો અને સદા સત્સંગ કરતા રહો અને સત્સંગ ન મળે, ત્યારે શાસ્ત્રનું પઠન પાઠન કરવું જેથી તમારૂ સર્વ પ્રકારે કલ્યાણ થશે અને તમને કોઈ પ્રકારનું ધર્મ સંકટ આવે ત્યારે મારી પાસે આવજો, તે વખતે રાજા મહાત્માના ચરણમાં દંડવત્ પ્રણામ કરી પોતાની રાજધાનીમાં ગયો. ત્યાં પોતે મહાત્માના કહેવા પ્રમાણે સત્સંગ તથા શાસ્ત્રોનું પઠન પાઠન કરવા લાગ્યો અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આ સંસારના દુઃખોમાંથી મુક્ત થઈ પોતાના આત્માના આનંદમાં રહેવા લાગ્યો.

## શુભ સંસ્કારોનો સંચય

રજુ. ભુમિબેન અનિલભાઈ માંગુકીયા
સુરત (દડવા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

માણસનું જીવન અનેક સંસ્કારોથી ભરેલું હોય છે. આપણે હાથે અસંખ્ય ક્રિયાઓ થયા કરે છે. તેનો હિસાબ માંડવા બેસીએ તો અંત ન આવે. સ્થૂળ પ્રમાણમાં માત્ર ચોવીસ કલાકની ક્રિયાઓ લઈ એ તો કેટલીયે જોવા મળશે. ખાવું, પીવું, બેસવું, ઊંઘવું, ફરવા જવું, લખવું, બોલવું, વાંચવું અને આ ઉપરાંત તરેહ તરેહના સ્વપ્ના, રાગદ્વેષ, માનાપમાન, સુખ દુઃખ, એમ ક્રિયાના અનેક પ્રકાર આપણને જોવા મળશે. મન પર એ બધી ક્રિયાઓના સંસ્કાર પડયાં છે. એથી જીવન એટલે શું ? એવો કોઈ સવાલ કરે તો જીવન એટલે સંસ્કાર સંશય એવી વ્યાખ્યા હું કરું.

સંસ્કાર સારા-નરસા હોય છે. બંનેની માણસના જીવન પર અસર થયેલી હોય છે. બચપણની ક્રિયાઓનું તો સ્મરણ જ રહેતું નથી. પાટી પરનું લખાણ ભુસી નાખ્યું હોય તેવું આખા બચપણનું થઈ જાય છે. પૂર્વજન્મના સંસ્કાર તો છેક સાફ ભુંસાઈ ગયેલા હોય છે; અને તે એટલે સુધી કે પૂર્વજન્મ હતો કે નહી તેની પણ શંકા થઈ જાય છે. તો જન્મનું નાનપણ યાદ આવતું નથી તો પૂર્વજન્મની વાત શું કામ કરવી ? પણ પૂર્વજન્મની વાત રહેવા દઈએ. આપણે આ જન્મનો જ વિચાર કરીએ. આપણી જેટલી ક્રિયાઓ ધ્યાનમાં રહે છે તેટલી જ થયી છે એવુય નથી. અનેક ક્રિયાઓ અને અનેક જ્ઞાન થતા રહે છે. પણ એ ક્રિયાઓ ને એ બધા જ્ઞાનો મરી પરવારે છે ને છેવટે થોડા સંસ્કાર માત્ર બાકી રહી જાય છે. રાત્રે સુતી વખતે આપણે દિવસ ભરની બધી ક્રિયાઓ યાદ કરવા જઈએ તોયે પૂરી યાદ આવતી નથી. કઈ યાદ આવે છે ? જે કૃતિઓ બહાર તરી આવનારી હોય છે તે જ નજર સામે રહે છે. ખૂબ તકરાર કરી હોય તો તે જ યાદ આવ્યા કરે છે. તે દિવસની તે જ મુખ્ય કમાણી. બહાર તરી આવતી મોટી મોટી વાતોના સંસ્કારની છાપ મનમાં ઊંડી ઊતરી જાય છે. મુખ્ય ક્રિયા યાદ આવે છે, બાકીની ઝાંખી પડી જાય છે. રોજનીશી લખતા હોઈએ તો આપણે રોજ બે-ચાર મહત્ત્વની બાબતો નોંધીશું. દરેક દિવસના આવા સંસ્કારો લઈ એક અઠવાડીયાનું તારણ કાઢીશું તો એમાથીયે ગળાઈ જઈને અઠવાડીયા દરમિયાનની થોડી બહાર તરી આવતી મોટી મોટી વાતો પણ બાકી રહી જશે. પછી મહિનામાં આપણે શું શું કર્યુ તે જોવા બેસીશું તો આખા મહિનામાં બનેલી જે મહત્ત્વની વાતો હશે તેટલી જ નજર સામે આવશે. આમ પછી છ મહિનાનું, વરસનું, પાચં વરસનું, યાદ કરતા કરતા તારણરૂપે બહું થોડી મહત્વની વાતો ધ્યાનમાં રહે છે. અને તેમના સંસ્કાર બને છે. અસંખ્ય ક્રિયાઓ અને અનંત જ્ઞાનો થયા છતાં છેવટે મનની પાસે બહું થોડી સિલક બાકી રહેતી જણાય છે. જે કર્મોને જે તે જ્ઞાન આવ્યા અને પોતાનું કામ પતાવી મરી ગયો. બધા કર્મોના મળીને પાંચદશ દ્રઢ સંસ્કાર જેમ તેમ સિલક રહે છે. આ સંસ્કારોએ જ આપણી મૂડી જીવનનો વેપારી ખેડી જે કમાણી કરી તે આ સંસ્કાર-સંપત્તિની છે. એકાદ વેપારી જેમ રોજનું, મહિનાનું ને આખા વરસનું નામું માંડી છેવટે આટલો નફો થયો કે આટલી ખોટ ગઈ એવો આંકડો તારવે છે તેવું જ આબેહૂબ જીવનનું છે. અનેક સંસ્કારોની સરવાળા-બાદબાકી થતા થતા તદ્દન ચોખ્ખુચટ અને માપસરનું કાંઈક સિલક રહે છે. જીવનની છેલ્લી ક્ષણ આવે છે ત્યારે આત્મા જીવનની સિલક યાદ કરવા માંડે

છે. આખા જન્મારામાં શું કર્યુ તે યાદ કરતા તેને કરેલી કમાણી બે-ચાર વાતોમાં દેખાય છે. આનો અર્થ એવો નથી કે જે તે કર્મો ને જ્ઞાનો ફોગટ ગયા. તેમનું કામ પતી ગયેલું હોય છે. હજારો રૂપિયાની ઊથલપાથલ કર્યા બાદ આખરે વેપારીની પાસેપાંચ હજારની ખોટ કે દસ હજારનો નફો એટલો જ સાર રહે છે. ખોટ ગઈ હોય તો તેની છાતી બેસી જાય છે. અને નફો થયો હોય તો આનંદથી ફુલાય છે.

આપણું એવું જ છે. મરણ વખતે ખાવાની ચીજ પર વાસાના જઈ બેઠી તો આખી જિંદગી સ્વાદ કરવાનો અભ્યાસ કર્યો છે એમ સાબિત થાય. અન્નની વાસના એ જીવનની કરેલી કમાણી થઈ. કોઈક માને મરતી વખતે છોકરાની યાદ આવે તો તે પુત્ર વિશેનો સંસ્કાર જ જોરાવર સાબિત થયો જાણવો. બાકીના અસંખ્ય કર્મો ગૌણ થઈ ગયા. અંકગણિતમાં અપૂર્ણાંકનો દાખલો હોય છે. તેમા કેવા મોટા મોટા આંકાડા પણ સંક્ષેપ કરતા કરતા છેવટે એક અથવા શૂન્ય જવાબ મળે છે. તે પ્રમાણે જીવનમાં સંસ્કારોના અનેક આંકડા જતા રહી આખરે જોરાવર એવો એક સંસ્કાર સારરૂપે બાકી રહે છે. જીવનના દાખલાનો એ જવાબ જાણવો. અંતકાળનું સ્મરણ આખા જીવનનું ફલિત છે.

જીવનનો એ છેવટનો સાર મધુર નીવડે, એ છેવટની ઘડી રૂડી નીવડે તેટલા માટે આખા જીવનની બધી મહેનત હોવી જોઈએ. જેનો અંત રૂડો તેનું સઘળું રૂડું. એ છેવટના જવાબ પર ધ્યાન રાખી જીવનનો દાખલો કરો. એ ધ્યેય નજર સામે રાખી જીવનની યોજના કરો. દાખલો કરતી વખતે જે ખાસ સવાલ પૂછવામાં આવેલો હોય છે, તે નજર સામે રાખીને તે કરવો પડે છે. તે પ્રમાણેની રીત અજમાવવી પડે છે. મરણ વખતે જે સંસ્કાર ઉપર તરી આવે એવી ઈચ્છા હોય તેને અનુસરીને આખા જીવનનો પ્રવાહવાળો તેના તરફ રાત ને દિવસ મનનું વલણ રાખો.

## જીવન સંદેશો

રજુ. વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા
પીપળીયા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**રાગ – ગંગાસતીનો**

ગુરૂ અખંડાનંદજીને વારે વારે નમીએ તો
જીવડાં ભવનું ભટકણ ભાંગી જાય રે..
સાચા રે દિલથી જો ગુરૂજીને સેવીએ તો
અંતરમાં અજવાળું થાય રે.. ગુરૂ...૧
કામ-ક્રોધ-લોભને બાળી રે દઈએ તો
જીવડાં ચિત્તમાં શાંતિ થઈ જાય રે
મનનાં પ્રપંચ બધા છોડી રે દઈએ તો
જીવન મુક્ત થઈ જવાય રે.. ગુરૂ...૨
મળ-વિક્ષેપને આવરણ મટે તો
જીવડાં અંતઃકરણ શુધ્ધ થઈ જાય રે
બ્રહ્મરંધ્રમાં નાદ રે વાગેને
આનંદ અનેરો થાય રે.. ગુરૂ...૩
એકવીસ હજાર છસો જાપ રે જપીએ તો
જીવડાં મુળગી મુડી કહેવાય રે
એમાંથી જો ઓછા રે જપીએ તો
ખોટમાં ડુબી જવાય રે.. ગુરૂ...૪
જેને જે કરવું હોય તે ભલેને કરે
જીવડાં તેમાં આપણું શું લઈ જાય રે
ઉછીની ન વ્હોરીએ તો
શાંતિથી જીવન જીવાય રે.. ગુરૂ...૫
કોઈ કોઈને કોઈ નડતું નથી
જીવડાં આપણા કર્મનો દોષ કહેવાય રે
પૂર્વ જન્મના પાપ કર્યા હોય તે
ભોગવ્યે પાર આવી જાય રે.. ગુરૂ...૬
સંસાર સાગરમાં ડુબી ન જવાય
જીવડાં ગુરૂજીનું ચરણ પકડી લેવાય રે
જન્મ મરણનું ભટકણ ભાંગે ને
સંસાર સાગર તરી જવાય રે.. ગુરૂ...૭
ગુરૂના પ્રતાપે વાલજી કહે છે
જીવડાં આપણે આપણું કરી લેવાય રે
લખચોરાશીમાં જવું ન પડે તો
મનુષ્ય જન્મ સફળ કહેવાય રે.. ગુરૂ...૮

# સુસ્વાગતમ્ (ભાગ - ૨)

રજુ. હસમુખ પટેલ
સુરત

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

જેના ઘરમાં પૂર્વની જ બારી ખુલ્લી હોય છે એને જેમ કયારેય સૂર્યાસ્ત જોવાનો પ્રસંગ આવતો નથી. તેમ જેનું હૃદય કેવળ પ્રેમસભર જ બની ચૂક્યું હોય છે એને દૂર્ગુણ-દૂર્બુધ્ધિ કે દુર્ધ્યાનની દુર્ગંધ અનુભવવાનો પ્રસંગ આવતો જ નથી. દિલ હલાવી દે એવી વાતો કરતો આ લેખ આપણા જીવનની શોભા વધારી દીધા વિના નહી રહે. શાંતિથી વાંચશો અને લોકોને વંચાવશો એવી આશા છે.

સમડી હોય છે આકાશમાં અને છતાય એ આકાશમાં હોતી નથી કારણ કે એની નજર સતત જમીન તરફ હોય છે. અને જમીન પર એની આંખો કેવળ મડદાં જ શોધતી હોય છે જ્યારે ચાતક પક્ષી હોય છે જમીન પર અને છતાં એ જમીન પર હોતું નથી કારણ કે એની નજર સતત આકાશ તરફ હોય છે અને આકાશમાં પણ એની નજર ફક્ત વાદળ તરફ કેન્દ્રિત થયેલી હોય છે. મિત્રો, એટલી જ વિનંતી છે કે વિરાટ અનંતકાળના સંસાર પરિભ્રમણમાં આપણે સહુએ "સમડી" નું પ્રતિનિધિત્વ તો અનંતવાર ધરાવ્યું છે પણ, આ જીવનમાં હવે "ચાતક" નું પ્રતિનિધિત્વ ધરાવીએ. તરસ્યા રહીએ પણ સદાચારની પરબ સિવાયના બીજા કોઈપણ પ્રકારના પાણીથી દીલની આનંદની તૃષા ન જ છિપાવીએ. તો આપણું જીવન સફળ, સરસ અને સાર્થક થઈને જ રહેશે. લેખમાં મિત્રો કયાંય પણ જિનાજ્ઞા વિરૂધ લખાણ લખાઈ ગયું હોય તો ક્ષમા કરશો. અને આપના સુજાવ પણ જણાવતા રહેશો.

ભારતીય સંસ્કૃતિમાં કુટુંબ વ્યવસ્થાનું મહત્ત્વ અનેરું છે. તેમાં પણ સમગ્ર કુટુંબ વ્યવસ્થામાં માતા-પિતાનું સ્થાન અનન્ય છે. પુત્ર-પુત્રીના ઘડતર, શિક્ષણ, સંસ્કાર અને તેઓ જીવનમાં સ્થીર થાય ત્યાં સુધી સામાન્ય કુટુંબના માતા-પિતાએ જે સંઘર્ષ કર્યો હોય છે તેની કિંમત નાણામાં માપી શકાય તેમ નથી. તેમણે જે બલિદાનો આપ્યાં હોય છે, વ્યક્તિગત સુખાકારી ત્યાગી હોય છે, ટાઢ, તડકો વેઠયો હોય છે.

આવા માતાપિતાને જ્યારે યુવા પેઢી સાથે કાર્યપધ્ધતિમાં તફાવત કે મતભેદ અથવા વિચારધારામાં ભિન્નતાને કારણે વૃધ્ધાશ્રમમાં તથા ભાઈઓમાં મા-બાપની વહેંચણી થાય એ ઘટનાઓ સાંભળવામાં આવે છે ત્યારે પ્રશ્ન થાય છે કે આ એજ આર્ય સંસ્કૃતિ છે જયાં શ્રવણે અંધ માતાપિતાને ખભે કાવડમાં લઈને પવિત્ર ધામોની યાત્રા કરાવી હતી ?

જે યુવાન હજુ ૨૦-૨૨ વર્ષ સુધી માતા-પિતાનો પડયો બોલ ઝીલતો હતો તેમની આજ્ઞાનું ઉથાપન કરવાનો વિચાર સુધ્ધાં જેને આવતો નહીતો એ યુવાન વ્યાવસાયિક કે નાણાકીય સ્વતંત્રતા મળતી જાય છે. તેમતેમ વડીલોના છત્રથી દૂર થતો જતો જોવા મળે છે.

જન્મદાત્રી-સંસ્કારદાત્રી માતા અને જીવન ઘડતરના શિલ્પી એવા પિતા સમક્ષ યુવા પેઢી કોઈ ભૂલ થઈ હોય તો માફી માગવાથી યુવાન નીચે નહી ઉતરે પરંતુ મહાન કે ઉચ્ચકક્ષાની કેડી પર જઈ શકશે. માફી માગવાથી વ્યક્તિ હંમેશા મહાન જ બની છે. તેમાં અહમ્ નહી પરંતુ સમર્પણ હશે.

જેટલી કાળજી નિયમિત વ્યવસાય અર્થે કામધંધાના સ્થળે જવા માટે લેવાય છે. ટી.વી. કે સિનેમા માટે સમય ફાળવવામાં આવે છે તો માત્ર ૧૦ મિનિટ શારીરિક રીતે નબળા પડેલા - વયસ્ક બનેલા જીવન સંધ્યાએ થકાવટ અનુભવતાં માતા-પિતાને કેમ ફાળવી ન શકાય ?

ઘણાં માતા-પિતાની ફરીયાદ આપણે સાંભળતા હોઈએ છીએ કે ઘરમાં પુત્ર સારો છે, લાગણી શીલ છે. પરંતુ પુત્રવધૂ ગેરમાર્ગે દોરવે છે. આ સમસ્યાનો ઉકેલ એક જ છે હૃદય પરિવર્તન, પોતે પણ એક દિવસ વયસ્ક થશે ત્યારે હાલની ઉછરતી પેઢી જો આવો વર્તાવ કરશે તો શું ? બસ આટલું વિચારી જુઓ પછી જુઓ મન-હૃદય પરિવર્તન.

કુટુંબ વ્યવસ્થામાં સ્ત્રી વર્ગ કેન્દ્રસ્થાને છે. પુરુષ સુધરે તો તેનું એકલાનું જીવન સુધરે છે પરંતું સ્ત્રી સુધરે તો અનેકનાં જીવનમાં પરિવર્તન આવી જાય છે. એ સુશીલ પત્ની બની જાય છે. વાત્સલ્યમૂર્તિ માતા કે પ્રેમાળ સાસુ બની જાય છે. કુટુંબપ્રથાને ઘસારો લાગી રહ્યો છે અને વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધી રહ્યું છે. બે પેઢી વચ્ચેનું અંતર ખૂબ જ વધી રહ્યું છે. ભણેલી

ગણેલી વહુઓ સાસરે આવે છે ત્યારે દેખીતી રીતે તેમને કુટુંબની જે પ્રણાલિકા અને પરંપરા હોય છે તેને અનુસરવાનું હોય છે. સાસુ દ્વારા વહુઓ પર કેટલાય નિયંત્રણ મુકાય છે તે તેમને પસંદ આવતાં નથી. "તારાથી આમ થાય અને તેમ ન થાય, આમ બોલાય અને તેમ ન બોલાય- મોડી રાત સુધી બહાર ફરવા ન જવાય, હોટલમાં ન જવાય. આ બધુ આપણા કટુંબની પ્રણાલિકામાં નથી. - આવી જ નાની નાની બાબતોમાંથી સાસુ-વહુ વચ્ચે મતભેદની શરૂઆત થાય છે. નિયંત્રણો મુકાય છે. એટલે જ વિચારભેદની શરૂઆત થાય છે.

મનના જગતમાં કોઈ મોટામાં મોટું કારાગૃહ હોય તો ગલત ધારણાનું છે. મોટાભાગના વિવાદ પરસ્પર ખોટો પૂર્વગ્રહ અને મનની કલ્પના થકી જ વકરે છે. તેના મુળમાં સહનશક્તિનો અભાવ છે. મોટેરા કાંઈક કહેતા હોય તેમાં સામેના પક્ષની પણ કંઈક ભલાઈ હોય છે.

દરેક સાસુ વહુ હતી અને દરેક વહુ, સાસુ બનવાની છે. આજે જે એક પક્ષને સ્પર્શ કરે તેવો મુદ્દો છે તે જ મુદ્દો આવતી કાલે લાગુ પડે તેમ છે. આવા સંજોગોમાં બાંધછોડ, જતું કરવાની અને ભૂલી જવાની ભાવના પણ કેળવવી જોઈએ.

સ્ત્રીને તો સહનશીલતાની મૂર્તિ જ કહેવાય છે તો પછી એક સ્ત્રી, બીજી સ્ત્રી પ્રતિ કેમ ઉદારતા કે - સહનશીલતા દાખવતી નથી ? પોતાની વયસ્ક પુત્રી પંજાબી ડ્રેસ પહેરેતો, નવપરિણીતા વહુવારુ પંજાબી ડ્રેસ પહેરે તેમાં સાસુને કેમ ખોટું દેખાય છે ? કોઈપણ સાસુની દ્રષ્ટિ બદલાઈ જાય તો વિવાદ કે મતભેદોનું કારણ જ રહે નહી ? આપણી ગુજરાતી ભાષામાં તો કહેવત છે કે કંકાસથી ગોળાના પાણી સુકાઈ જાય છે. નાની-નાની બાબતોમાં વિવાદ ઉભા કરવાનું બંને પક્ષોએ ટાળવું જોઈએ.

સાસુ દ્વારા કોઈ વાર - તહેવારે પોતાની વહુવારું તેમની પસંદ પડે તેવી ચીજ ખરીદી આપીને બગડેલા સંબંધને સુધારવાની શરૂઆત થશે તો નવા પ્રકરણની શરૂઆત થશે. કબાટની ચાવીઓ કોઈને મળે કે ન મળે પણ સહુંના દીલ જીતી લેવાની ચાવી એજ સાચો પ્રેમ છે. સાવરણી જો કાદવવાળી હોય તો ઘર સાફ થતું નથી તેમ જો મન બગડેલું હશે તો ઘર કદી સ્વર્ગ બનતું નથી.

મિત્રો નીતિવાક્ય એમ કહે છે કે આવક વધે તેમ ન હોય ત્યારે ખર્ચ ઘટાડી દેવા જ પ્રયત્નશીલ બને છે. એ પોતાની પ્રસન્નતા અકબંધ ટકાવી શકે છે. પણ આજના હપ્તા પદ્ધતિના અને ક્રેડિટ કાર્ડના યુગમાં આ વાક્ય આજે તેની તાકાત ગુમાવી બેઠું છે. બધે સર્વત્ર એક જ વાત છે.

**ક્રમશઃ**

## કંકાસના ત્રણ કેન્દ્રો

**લેખક : શિવ**

એ ભૂલશો નહિ કે, એક દિવસ તમારે મૃત્યુના મહેમાન બનવાનું છે, કાળનો કોળિયો થવાનું છે. યમાલયનું અણધાર્યું આમંત્રણ જરૂર આવી પહોંચશે. આજે, આ મિનિટે, આપ સંપૂર્ણ તંદુરસ્ત દશામાં બેઠા છો; સંભવ છે કે, તેની બીજી જ મિનિટે મરણને શરણ થવાની આપને ફરજ પડે. તે વખતે તમારાં આદર્યાં કામો અધૂરાં જ રહી જશે. કાર્યાધિક્યવશાત્ આજે મરવાની પણ ફુરસદ નથી મળતી, તે વખતે આપોઆપ, કાયમને માટે, ફુરસદ મળી જશે. અત્યારે શરીરના આરામ અર્થે તમે ગગનચુંબી મહેલતોમાં મુલાયમ ગાદીતકિયા પર સૂઈ રહો છો, જયારે તે વખતે, નિર્જન વનમાં, ખુલ્લી જમીનમાં, લાકડાની કઠોર ચિતા પર પોઢવું પડશે. આજુબાજુ શિયાળ, કૂતરાં, ગીધ, વગેરે પ્રાણીઓની મબલખ મહેફિલ જામી હશે. કંચનવર્ણી કાયા રાખમાં રોળાઈ જશે. શરીરની કિંમત લાખની હતી તે રાખની થઈ જશે. મનના મનોરથો મનમાં જ મરી જશે. જીવતાં જે ઉરનાં અરમાનો ઉરમાં જ ઓસરી જશે. સઘળું અભિમાન આકાશમાં ઊડી જશે અને તમારી ગર્વિષ્ઠ આંખોના દ્વારો સદાને માટે બિડાઈ જશે.

આ નમ્ર સત્ય જાણવા-અનુભવવા છતાં તમે નિશ્ચિંત મને કેમ ભટકી રહ્યા છો ? વિવેકશક્તિનો સહારો લઈ હજી બગડેલી બાજી સુધારી લો. પછી ભાગ્યને દોષ દેવાથી કોઈ અર્થ નહિ સરે. આ નશ્વર

કલેવર છોડીને જયારે તમે પરલોકનો પ્રવાસ કરશો, તમારી અહીંની રળેલી કમાણીનું ફળ ભોગવવાનું આવશે ત્યારે, પવનમાં પાંદડું ધ્રુજે તેમ, તમે ધ્રુજી ઉઠશો. અહિં જેને મોજ માનતા હતા તે મોતનું બિહામણું સ્વરૂપ લઈને ત્યાં હાજર હશે. તમને જે દંડ ફરમાવવામાં આવશે તેને માત્ર સાંભળીને જ તમારા ગાત્રો ઢીલા થઈ જશે. પરંતુ ભોગવ્યા વિના ક્યાં છુટકો થવાનો છે ? આમાથી બચવું હોય તો અત્યારથી જ ચેતી જાઓ. મન, વચન અને કર્મથી કોઈનું અહિત ન કરો, કોઈનું દિલ ન દુભાવો, બધાનું ભલું કરો, તમારા હિતને ભોગે પણ બીજાનુ હિત કરો. ખાતરી રાખજો, તમારું અહિત કદાપિ નહિ થાય. ભ્રમવશાત્ આજે તમને જે અહિત દેખાય છે તે કાલે હિતના રૂપમાં પરિણમશે. ચરાચર વિશ્વને પ્રભુસ્વરૂપ સમજીને બધાની સ્વાર્થરહિત નિષ્કામ સેવા કરો. સર્વભાવે પરમકૃપાળુ પરમાત્માનું ભજન કરો. પ્રભુની ઈચ્છામાં તમારી ઈચ્છા મિલાવીને સાચા હરિભક્ત બનો.

વિકારોના વહેણ માયાવી પદાર્થો તરફથી બદલી પ્રભુ તરફ વાળો. વિષયોના વિષને અંગમાંથી નાબૂદ કરી નાખો. પ્રભુપ્રેમના અમૃતને અંતરમાં ઉતારો. ભગવદર્થે પ્રભુપ્રજાના ભાવથી, વિષયોને ગ્રહણ કરવામાં હરકત જેવું નથી; પરંતુ ભૂલેચૂકે પણ, ભોગબુદ્ધિથી તેની ઈચ્છા ન કરો. પ્રભુપ્રાપ્તિના જેટલાં સાધનો છે તે બધામાં વૈરાગ્ય અને ભજન પ્રાધાન્ય ભોગવે છે. જેના હૃદયમાં વિશુદ્ધ વૈરાગ્ય છે તે મોટામાં મોટો ત્યાગ કરતાં પણ આંચકો નહિ અનુભવે. ત્યાગરૂપી સેનાપતિની પાછળ સદ્‌ગુણોનું સૈનિકદળ ખડે પગે તૈયાર ઊભું હોય છે. વૈરાગ્યરૂપી જળ સાથે ભજનરૂપી શરબત હોવું જ જોઈએ. સાંસારિક ભોગોમાંથી નિવૃત્ત થયેલા મનને ભગવાનની સેવામાં જોડી દેવું જોઈએ. કાંચન, કામિની અને કિર્તિ આ ત્રણ ‘ક’ નો મોહ મુકી દો. હૃદયના પ્રત્યેક ખુણામાંથી ધનના મહત્ત્વને હાંકી કાઢો. દાન અને સત્કાર્ય માટે પણ દ્રવ્યસંચયની ઈચ્છા ન રાખો. કોઈ સત્કાર્યની પ્રાપ્તિ માટે પણ કોઈ ધનવાન પાસે હાથ લાંબો કરીને પૈસાને અનુચિત અગત્ય ન આપો. નિર્લોભી અને ન્યાયી રીતે મેળવેલા ધનમાંથી યથાયોગ્ય સત્કાર્ય કરો. લક્ષ્મી માતાને ‘ભગવાનનો ઘરવાળાં’ સમજીને પ્રભુનાં પાદારવિંદમાં સમર્પિત કરો. તમને તો માતાએ આપેલ પ્રસાદી ગ્રહણ કરવાનો જ એકમાત્ર અધિકાર છે. માતાને ભોગયોગ્ય સમજવી એ શું મહાપાપ નથી ? તમે કોઈ શુભ પ્રવૃત્તિમાં જોડાયેલા હો તો, જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી, માગ્યા વિના યદ્રચ્છયા જે કંઈ મળે તેનાથી જ નિભાવી લો. આથી કદાચ કામ અધૂરું રહે તો તેને પ્રભુની ઈચ્છા સમજીને સંતોષ માનો. ધનની તૃષ્ણા ઘટાડવા માટે તેનામાં તુચ્છ બુદ્ધિ કરો અને યથાશક્તિ તેની આવશ્યકતાઓ ઓછી કરતાં રહો.

તમારે કોઈની પાસે માંગવું જ ન પડે એવી સ્થિતી પેદા કરો.

સ્ત્રીજાતિનું અપમાન ન કરો, એટલું જ નહિ, તેને ‘ભોગ્ય વસ્તુ’ સમજીને તેનો અમર્યાદિત સંગ પણ ન કરો. તમે કહેશો : ‘અમે તો સ્ત્રીને દેવી સમજીએ છીએ.’ બહુ ખુશી થવા જેવી વાત છે એ. પણ માનવીનું મન અતિદુષ્ટ છે. મોટા મોટા તપસ્વીઓ અને સંયમી પુરૂષો પણ સ્ત્રીના સકંજામા સપડાઈ જાય છે. માટે જુઠા દંભને દેશવટો દઈ, પોતાની નિર્બળતાઓ પર ધ્યાન આપી, સ્ત્રીઓથી દૂર રહો.

ધનના ત્યાગ કરતાં મોટાઈનો ત્યાગ અતિશય કઠણ છે. જેના પર પ્રભુની દયા હોય તે જ આ ત્રણ મોટી ખાઈઓથી બચે છે. સ્ત્રીથી દૂર રહેવામાં જ સ્ત્રીનો ત્યાગ સમાપ્ત થતો નથી. ભોગબુદ્ધિથી સ્ત્રીનું દર્શન યા ચિંતન કરવાથી પણ વિકારોને વાયુ જેવો વેગ મળે છે. મનને ખૂબ બારીકાઈથી તપાસો. તમારા દોષનું આબેહૂબ દર્શન કરવા માટે ઊંડી અંતર્દ્રષ્ટિ કરો. તમને જરૂર જણાશે કે સ્ત્રીના રૂપમાં, તેમના પહેરવેશમાં, તેની વાણીમાં, તેના લટકામાં, તમારા મનની આસક્તિ રહેલી છે.

આ જ નિયમ સ્ત્રીઓને લાગુ પડે છે. તેમણે પણ પર-પુરૂષોથી બચવું જોઈએ. ગુરુભાવનાથી પણ પર-પુરૂષને એકાન્તમાં મળવું ન જોઈએ. ઈન્દ્રિયો પૂરજોશમાં દોડતા ઘોડા જેવી બળવાન છે. સાધનાને સમયે પણ સંયમના પાંજરામાંથી ઈન્દ્રિયોરૂપી પંખીને ઉડતાં વાર નથી લાગતી. એક વાર સ્વચ્છંદતાનો છંદ

લાગ્યા પછી તો તેનું પૂછવું જ શું ?

મોટાઈ એ મીઠી છરી છે. માન એ ઝેરથી છલોછલ ભરેલો સોનાનો ઘડો છે. તેનાથી ખૂબ સચેત રહેવા જેવું છે. ઘણી વાર માણસ વધુ માન મેળવવા માટે જ માનનો ત્યાગ કરે છે. માનની ઈચ્છાથી અપમાનના કડવા ઘૂંટડા પણ ગળી જાય છે. સાવધાન ! મનના ભુલાવામાં ન પડશો. સાચા અર્થમાં નિર્માની બનો.લોકેષણાની લ્હાયમાં અનેક મોટા સત્કાર્યની સસ્તી હરાજી થાય છે. કીર્તિનો લોભ ન કરો; ભગવાનનો લોભ કરો. એક વાત નક્કિ માનજો કે તમારું જીવન પવિત્ર હશે, તમારા મનમંદિરમા ઈશ્વરનો નિવાસ હશે અને તમે અનન્યભાવે સ્વાર્થરહિત બની ઈશ્વરનું સ્મરણ કરતા હશો તો, ભલે સંસારમા તમને કોઈ ન ઓળખે, ઘરમાં તમારી કોડીની કિંમત અંકાતી હોય અને ભલે માયાના કાદવમાં ખદબદતા કીડાઓ તમને ગરીબ માનીને તમારી ઉપેક્ષા કરતા હોય; છતાં તમારો એક વાળ પણ વાંકો કરવાની તેમનામાં શક્તિ નથી. તેનાથી ઊલટું જો તમે અઢળક ધનના માલિક હશો, ધુરંધર પંડિત યા સમર્થ ઉપદેશક હશો, જગતમાં તમારા નામનો વિજયડંકો વાગતો હશે, છતાં જો તમારા હૃદયનો અરીસો અસ્વચ્છ હશે, રાગદ્વેષનાં બંધનમાં તમે બંધાયેલા હશો, પ્રભુના માર્ગથી વિમુખ થયા હશો તો તમારી આ લોકની સંપુર્ણ સાહ્યબી પરલોકમાં તમારે માટે નર્કનું પ્રવેશદ્વાર બનશે. સ્વયં માનનો ત્યાગ કરીને બીજાને માન આપતા શીખો અને સાચા વિજયી બનીને ભગવાનનું સાચા દિલથી ભજન કરો.

માનવજીવનનો સમય ખૂબ ટૂંકો હોય છે. તમને એમ લાગે છે કે, હજુ તો ઘણો સમય બાકી છે; પરંતુ ત્યા જ તમે ભીંત ભૂલો છો.

ધારો કે, ઈશ્વર તરફથી એકસો વર્ષનું આયુષ્ય મળ્યું છે. તેમાંથી પચાસ વર્ષ ઊંઘવામાં અને આરામ કરવામાં વ્યતીત થઈ જશે. વળી રોજના આઠ કલાક શેઠની નોકરીમાં ચાલ્યા જશે. નોકરીથી ઘેર આવ્યા પછીનો સમય માતા, પિતા, ભાઈ, બહેન, સ્ત્રી, પુત્ર વગેરે કુટુંબીઓની સાથે યથોચિત વ્યવહારમાં વિતાવવો પડશે. બાકીનો જે સમય વધશે તે રાગરંગ અને ભાઈબંધ-દોસ્તોને મળવામાં ચાલ્યો જશે.

હવે જિંદગીનું સરવૈયુ કાઢો. ભાગ્યે જ પાંચ વર્ષ તમારે ફાળે બાકી રહેતા હશે. આ હકીકત પર રોજ મનન કરવાથી હૃદયદ્વારો ખૂલશે અને નવો રાહ ચીંધશે.

ત્યારબાદ તમને ખાતરી થઈ જશે કે, ભગવતપ્રાપ્તિ એ જ માનવજીવનનું અંતિમ લક્ષ્ય છે. સંતો-ભક્તો અને મહાપુરૂષોનાં જીવનચરિત્રો વાંચ્યા પછી, તેમની કૃપા મેળવ્યા પછી, એક ઘડીનો ય વિલંબ કર્યા વિના, આત્મસાક્ષાત્કાર માટે સતત અને અખંડ પુરૂષાર્થ કરવો જોઈએ. જગતની કોઈપણ શક્તિ તમારા માર્ગમા નડતરરૂપ ન બને એવી શક્તિ પ્રાપ્ત કરવા માટે, સર્વશક્તિમાન પ્રભુને સાચા હૃદયથી પ્રાર્થના કરવી જોઈએ. હૈયાની ભીંતે લખી રાખજો કે, તમે પણ તે જ પ્રભુના અંશ છો. તમારામાં પણ તે જ શક્તિ ભરેલી છે. પરંતુ અનેક જન્માર્જિત સંસ્કારોને લીધે તમને તેનું વિસ્મરણ થઈ ગયું છે. ઈશ્વરકૃપાથી, પ્રાર્થનાની શક્તિથી, તમે તે શક્તિને પિછાણી શકશો; અને જાણ્યા પછી તરત જ તમે શક્તિસંપન્ન બની જશો. શક્તિની જાગૃતિનો તે પહેલો પુરાવો છે. વિષયો પર અનાસક્તિ અને પ્રભુ પર અટલ અને અડગ આસ્થા.

આ કક્ષાએ કોઈની મગદૂર નથી, કે તમારા માર્ગને અવરોધી શકે.

તમે વિશ્વવિજયી બનીને વિશ્વને વશ કરી શકશો.


**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ. નવા નાવડા તા. બરવાળા
સ્વ. રાજેન્દ્રભાઈ કાનજીભાઈ ડુંગરાણી
(ઉંમર વર્ષ ૪૪) સંવત ૨૦૭૩ ફાગણ સુદ ૮ તા. ૦૫/૦૩/૨૦૧૭ ને રવિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.



# વીરતા ગામનાં આંગણે
## '૧૭' મો નિર્વાણ જયંતિ મહોત્સવ



**વિરતા ગામથી પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી ના**
**ચરણોપાસક સમસ્ત સેવક ગણનાં જય શ્રી સચ્ચિદાનંદ...**

ખુશાલી સાથ જણાવવાનું કે પરમ પૂજય આર્યદિવાકર યતીન્દ્રવર્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી**ની અસીમ કૃપાથી આ વર્ષે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરુપ પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રી નો ૧૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૩ વૈશાખ સુદ અગિયારસને શનિવાર તા. ૬–૫–૨૦૧૭ના રોજ **વિરતા ગામનાં આંગણે** પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

આ પ્રસંગે સંતો–મહંતો મહામંડલેશ્વરશ્રીઓ તથા વિદ્વાન મહાપુરૂષો પધારશે તો આ મંગલમય પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન, અર્ચન, દર્શન તથા આશીર્વચનનો અમુલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ–બહેનોને ભાવભર્યું આમંત્રણ છે. તો અવશ્ય લાભ લેવા પધારશોજી.

## નિર્વાણ જયંતિ મહોત્સવ દીનની કાર્યસૂચિ

### તા. ૦૫–૦૫–૧૭, શુક્રવાર

**શોભાયાત્રા**

**બપોરે ૪:૦૦ કલાકે, સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમથી નિકળી મહોત્સવ સ્થળે જશે.**

**રાત્રે ૮.૩૦ કલાકે પ્રાર્થના**

**રાત્રે ૯ થી ૧૦ કલાકે ભાવનગરના બાળકો**
**પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનું જીવન ચરીત્ર નાટક રૂપમાં બતાવશે.**

### તા. ૦૬–૦૫–૧૭, શનિવાર

| | | | |
|---|---|---|---|
| પ્રાતઃ પ્રભાતિયા | ૫:૦૦ થી ૫:૩૦ | સંતોનુ સ્વાગત સન્માન | ૯:૦૦ થી ૯:૩૦ |
| શ્રી ગુરુગીતાનો પાઠ | ૫:૩૦ થી ૭:૧૫ | મહાપુરૂષોનું પ્રવચન– | ૯:૩૦ થી ૧૨:૩૦ |
| ચા પાણી નાસ્તો | ૭:૧૫ થી ૮:૦૦ | વિષય : ગુરૂભક્તિ | |
| શ્રી સદ્‌ગુરૂ પૂજન | ૮:૦૦ થી ૯:૦૦ | મહા પ્રસાદ | ૧૨:૩૦ થી ૨:૦૦ |

**નિમંત્રક :– સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ શ્રી માધવાનંદ આશ્રમ**
**મુ. વિરતા. તા. જી. મહેસાણા (ઉ. ગુ.) સંપર્ક :– ૯૭૨૫૮ ૭૧૮૨૮, ૯૭૩૭૭ ૮૭૧૭૯**

ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ

શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ આયોજીત, શ્રી માધવાનંદ આશ્રમ

# બાળ સંસ્કાર શિબિર ચાણોદ – ૨૦૧૭



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ સંતવૃંદના સાનિધ્યમાં બાળ સંસ્કાર શિબિર ચાણોદ ધામે તા.૮–૫–૧૭ સોમવાર થી તા.૧૪–૫–૧૭ રવિવાર સુધી ૭ દિવસની રહેશે.

તા. – – ૨૦૧૭

❁ પુરૂ નામ : ______________ ______________ ______________
અટક નામ પિતાનું નામ

શિબીરાર્થીનો ફોટો

❁ જન્મ તારીખ : ______________ ઉંમર : ______ મુળ ગામ : __________

❁ હાલનું રહેઠાણનું સરનામુ : ______________________________________

________________________________________________________

________________________________________________________

❁ મોબાઈલ નંબર :– ૧. ________________ અભ્યાસ. __________

❖ બાળ સંસ્કાર શિબિરમાં ભાગ લીધેલ છે? હા/ના :– ☐

❖ રોજ સવારે પૂજા–પાઠ–આરતી કરો છો? હા/ના :– ☐


## ☛ નિયમ

૧. વયમર્યાદા ૧૦ થી ૧૭ વર્ષની ઉંમરના બાળકો આ શિબિરમાં લાભ લઈ શકશે.
૨. શિબિરમાં આવનાર દરેક બાળકોએ નિત્યકર્મ વિધિ માટેની જરૂરીયાત મુજબની વસ્તુઓ સાથે લાવવાની રહેશે. (જેવી કે ચાદર, નેપકિન, પૂજાપાઠ, બાળકનો ફોટો વગેરે...)
૩. શિબિરમાં આવનાર બાળકોએ તા. ૭–૫–૨૦૧૭ સાંજ સુધીમાં ચાણોદ આવી જવુ.
૪. પરમ પૂજય સ્વામીજીની આજ્ઞા તથા નિયમોનું પાલન કરવાનું રહેશે.
૫. બાળ સંસ્કાર શિબિરમાં શિસ્તના નિયમોનું પાલન કરવું તેમજ વ્યવસ્થામાં સાથ અને સહકાર આપવો.
૬. બાળ સંસ્કાર શિબિર દરમિયાન તમામ બાળકોએ સમયસર શિબિરમાં હાજર રહેવું.
૭. બાળ સંસ્કાર શિબિરમાં આવનાર બાળકોની તમામ જવાબદારી પોતાના વાલીની રહેશે.
૮. શિબિરમાં આવનાર બાળકોએ તા. ૩૦/૦૪/૧૭ સુધીમાં ફોર્મ ભરી ચાણોદ અથવા સુરત શ્રી માધવાનંદ આશ્રમ ઉદયનગર જમા કરાવવું

:: શિબિર સ્થળ ::
શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ચાણોદ, તા. ડભોઈ, જી.વડોદરા
ફોન નં. :– ૦૨૬૬૩–૨૩૩૩૬૨, મો. ૯૮૨૫૧ ૨૦૬૨૧

__________ બાળકની સહી

__________ વાલીની સહી



**પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સમોજા)**

- કથા પ્રારંભ : ચૈત્ર સુદ ૯ ને બુધવાર તા. ૫/૪/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : ચૈત્ર સુદ ૧૩ ને રવિવાર તા. ૯/૪/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : ચૈત્ર સુદ પુનમને મંગળવાર તા. ૧૧/૪/૨૦૧૭
- આયોજક : શ્રી રામભાઈ જેસંગભાઈ ચૌધરી, સુશીલાબેન રામભાઈ ચૌધરી, જીગરભાઈ રામભાઈ ચૌધરી, પ્રેમજીભાઈ જેસંગભાઈ ચૌધરી.
  મો. ૭૬૯૮૦ ૧૦૦૧૭, ૮૧૪૦૦ ૯૦૧૭૬, ૭૦૪૩૫ ૭૭૧૦૮
- કથા સ્થળ : મુ. સમોજા, તા. ખેરાલું, જી. મહેસાણા

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ધારપીપળા)**

- કથા પ્રારંભ : ચૈત્ર વદ ૧ ને બુધવાર તા. ૧૨/૪/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : ચૈત્ર વદ ૫ ને રવિવાર તા. ૧૬/૪/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : ચૈત્ર વદ ૭ ને મંગળવાર તા. ૧૮/૪/૨૦૧૭
- આયોજક : શ્રી પ્રભુભાઈ ભીમાભાઈ જેડીયા, રામભાઈ શામાભાઈ જેડીયા, કાળુભાઈ સેજાભાઈ ધરજીયા, ગીતાબેન પ્રભુભાઈ પટેલ
  મો. ૯૯૦૪૩ ૫૨૬૭૯, ૯૯૨૪૩ ૬૦૨૩૯
- કથા સ્થળ : મુ. ધારપીપળા, તા. જી. બોટાદ

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સુરત, વરાછા)**

- કથા પ્રારંભ : ચૈત્ર વદ ૯ ને ગુરૂવાર તા. ૨૦/૪/૨૦૧૭
- કથા સમય : બપોરે ૩.૩૦ થી ૬.૦૦ રાત્રે ૮.૩૦ થી ૧૧.૦૦
- કૃષ્ણ જન્મોત્સવ : ચૈત્ર વદ ૧૩ ને સોમવાર તા. ૨૪/૪/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : ચૈત્ર વદ અમાસ ને બુધવાર તા. ૨૬/૪/૨૦૧૭
- આયોજક : શ્રી મધુભાઈ પ્રેમજીભાઈ મોવલીયા, લલિતભાઈ ભનુભાઈ પટેલ (હચાણી), રાજુભાઈ પારસીયા, મુકેશભાઈ ટાણા, લલીતભાઈ તગડી, ધર્મેશભાઈ પી. પટેલ, નીલેશભાઈ બાબુભાઈ સાકરીયા તેમજ અભીનંદન રેસીડેન્સીના સમસ્ત સભ્યો
  મો. ૯૮૭૯૪ ૧૫૩૧૫, ૯૯૭૯૯ ૮૧૬૦૩, ૯૯૭૯૬ ૧૬૯૩૬, ૯૯૦૪૪૮૦૪૪૪
- કથા સ્થળ : ઠે. અભીનંદન રેસીડેન્સી, વર્ણીરાજ એપાર્ટમેન્ટની પાછળ, સરથાણા જકાતનાકા, વરાછા રોડ, સુરત

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (કામલપુરા, ગોઠવા)**

- કથા પ્રારંભ : વૈશાખ સુદ ૨ ને શુક્રવાર તા. ૨૮/૪/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : વૈશાખ સુદ ૭ ને મંગળવાર તા. ૨/૫/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : વૈશાખ સુદ ૯ ને ગુરૂવાર તા. ૪/૫/૨૦૧૭
- આયોજક : શ્રી રમેશભાઈ બાબુભાઈ ચૌધરી, ગણેશભાઈ બાબુભાઈ ચૌધરી, શંભુભાઈ કાનજીભાઈ ચૌધરી, મો. ૯૪૨૬૩ ૩૪૧૪૭, ૮૪૦૧૭ ૬૯૩૦૫
- કથા સ્થળ : મુ. કામલપુરા (ગોઠવા), તા. વિસનગર, જી. મહેસાણા


**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**

**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩-૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**

**વેબસાઈટ : www.omshreemadhavanandji.org**

GET IT ON Google play · Download on the App Store

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૩૧/૩/૨૦૧૭ અમદાવાદ થી હરદ્વાર
- તા. ૬/૪/૨૦૧૭ હરદ્વાર થી દિલ્હી
- તા. ૧૦/૪/૨૦૧૭ દિલ્હી થી અમદાવાદ
- તા. ૧૧/૪/૨૦૧૭ ચાણોદ
- તા. ૧૬/૪/૨૦૧૭ વિરતા
  વિરતા ગામના આસપાસના ગામમાં એક-એક દિવસ પધારશે.
- તા. ૬/૫/૨૦૧૭ પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ શ્રીનો ૧૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ વિરતા ગામે ઉજવાશે.
- તા. ૭/૫/૨૦૧૭ વિરતા થી ચાણોદ
- તા. ૮/૫/૨૦૧૭ થી ૧૪/૫/૨૦૧૭ ચાણોદ બાળસંસ્કાર શિબિર
  ૧૦ થી ૧૭ વર્ષની ઉંમરના બાળકો શિબિરમાં ભાગ લેશે અને સાથે વાલીઓએ આવવું. શિબિરમાં આવવા માટે તા. ૩૦/૪/૧૭ સુધી ફોર્મ ભરી ચાણોદ મુકામે મોકલી આપવું. ફોર્મ વેદરહસ્ય ના ૨૦ માં પેજ પર મુકેલ છે. તેની ઝેરોક્ષ કરી લેવી અને ભરીને મોકલવું. આશ્રમના નિયમ અનુસાર રહેવું.
  શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ચાણોદ, તા. ડભોઈ જી. વડોદરા ફોન નં. ૦૨૬૬૩-૨૩૩૩૬૨, મો. ૯૮૨૫૧ ૨૦૬૨૧

## પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ શ્રી શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ



- કથા પ્રારંભ : ચૈત્ર વદ ૮ ને બુધવાર તા. ૧૯/૪/૨૦૧૭
- કથા સમય : બપોરે ૩.૩૦ થી ૬.૩૦ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦
- પૂર્ણાહુતિ : વૈશાખ સુદ ૧ ને ગુરૂવાર તા. ૨૭/૪/૨૦૧૭
- કથા સ્થળ : ભોજલરામ સત્સંગ આશ્રમ, ઉમા સ્કુલની બાજુમાં, નિકોલ - નરોડા રોડ, અમદાવાદ
- આયોજક - ભોજલરામ સીનિયર સીટીઝન સત્સંગ મંડળ
- નિમંત્રણ - ભોજલરામ સત્સંગ મંડળ નિકોલ, અમદાવાદ

## ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

- કથા પ્રારંભ : વૈશાખ સુદ ૨ ને શુક્રવાર તા.૨૮/૪/૨૦૧૭
- કથા સમય : સવારે ૯ થી ૧૨, બપોર ૩.૩૦ ૬.૩૦
- કૃષ્ણ જન્મોત્સવ : વૈશાખ સુદ ૬ ને સોમવાર તા.૧/૫/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : વૈશાખ સુદ ૯ ને ગુરૂવાર તા.૪/૫/૨૦૧૭
- આયોજક : શ્રી શીતળા માતા મંદિર સેવક મંડળ તથા સમસ્ત અધેવાડા ગામ
- કથા સ્થળ : શીતળા માતાનું મંદિર મુ. અધેવાડા, તા.જી. ભાવનગર
- કથામાં આવનાર ભક્તોની માટે રોજ બપોરે ૧૨.૦૦ કલાકે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.



## પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા. ૨૮-૩-૨૦૧૭ થી ૩-૫-૨૦૧૭ સુધી હરિદ્વાર




પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજશ્રી નો ૪૦ મો નિર્વાણ મહોત્સવ કંથારીયા ગામે સવંત ૨૦૭૩ ફાગણ સુદ ૨ ને મંગળવાર તા. ૨૮/૨/૨૦૧૭ ના શુભ દિવસે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામા તેમજ સંતો મહંતો સેવક સમુદાયની હાજરીમાં ધામધુમથી ઉજવાયો હતો.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**




પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રી વસ્તડી ધામમાં તા. ૧૪/૧૫ માર્ચ પધાર્યા હતા. સેવક સમુદાયને દર્શન-સત્સંગનો અમુલ્ય લાભ લીધો હતો.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-